પ્રપન્ન પ્રિય પચીશી.

૪૫૯૦

શ્રીમત

પ્રપન્ન પ્રિય પચીશી.

સંસ્કૃત ઐતિહાસીક પુસ્તકોના આધા
ર ઉપરથી.

प्रथमोनंत रुपश्च, द्वितीयो लक्ष्मण,
स्तथात्रतीयो बलरामश्च कलौ रा-
मानुजो मुनिःद्वापरांते कलेराद्यौ पा
षंड प्रचूरे जने रामानुजेति भविता
विश्नु धर्म प्रवर्तक.

રચનાર તથા પ્રસિદ્ધ કરનાર.

અનંતપ્રસાદ ત્રીકમલાલ શ્રી વૈશ્નવ.

અમદાવાદમાં
આકાશેઠકુવાની પોળ આગળ "હિંદુસ્તાન"
છાપખાનામાં શા. પ્રેમચંદ કસ્તુરચંદે છા
પી પ્રસીદ્ધ કરી.

સંવત ૧૯૪૬. સને ૧૮૯૦.

અર્પણપત્રિકા.

સ્રગધરાવૃત.

જેનાં આ ગ્રંથમાં છે મહત સુચરિતો શ્રેષ્ટ કલ્યાણકારી,
તેના એ સ્વામીકેરા સુપુનીત કુલની વિશ્વમાં પ્રખ્યાત ભારી;
જેને શ્રી લક્ષ્મીજીએ શુભ પદ અરપ્યું કોટી કન્યા પ્રદાની,
તાતા પદ્દી પ્રભૂએ વલી શુભ અરપી યોગ્યતા જેની જાણી.
એવા શ્રી શૈલ કેરા અતિ શુભ કુલમાં જેમણે દેહ ધારી,
સત્તા રામાનુજાની અધિક જગતમાં જેમણે છે પ્રસારી;
જેને સ્વામી અને જે ખુદ યતિપતીને ચિત્ત છે પુર્ણ વ્હાલા,
એવા શ્રીરંગ કેરા સપુત મમ ગુરૂ **શ્રીનિવાસા** કૃપાલા,
જાણી છે આ કથા મેં સરવ સુખમયી માત્ર એની કૃપાથી.
આણી છે કાવ્યમાં મેં અહી વરણવવા માત્ર એની કૃપાથી;
કીધી છેઆ પ્રસિદ્ધી પ્રિયજન નિમિતે માત્ર એની કૃપાથી
માટે અગ્રે નમીને અરપણુ કરૂં આ તેમને'સ્વામી ખ્યાતિ'

મુ૦ મુંબઈ સંવત ૧૮૪૫ના ચૈત્ર સુદ ૧૧

—દીનરંક દાસ અનંત.—

શ્રીમતે રામાનુજાય નમઃ

मंगलाचरण,

પદ ૧ લું.

"સીતાજીના વીવાહના રાગનું ધોળ."

પહેલા પ્રણમું પ્રીતે શીરનામીરે, શ્રી નિવાસ તાતાચાર્ય સ્વામીરે;
નમું વેદાંત દેશીક સ્વામીરે, શ્રી રામાનુજ સદ્‌ગુણ ગ્રામીરે.
શ્રી શ્રી શૈલ પૂર્ણ સુખકારીરે, મુનિ યામુન શ્રી અઘહારીરે;
નમું નાથ મુનિ દીનબંધુરે, શ્રી પરાંકુશ કરૂણા સિંધુરે.
નમું શ્રી ગણનાયક સ્વામીરે, શ્રીજી માત નમામિ નમામિરે;
નમું શ્રી વઈકુંઠ નિવાસીરે, શ્રી મન્નારાયણ સુખરાશીરે.
ખંડપાર નગર છે જેનુંરે, શ્રી વૈકુંઠ મહાન મજેનુંરે;
જેની આજુ બાજુ છે ઉદ્યાનોરે, ક્રીડા કેરાં અતિ ભવ્યસ્થાનોરે.
માંહે કંચન કુંડ ફુવારારે, જેના રત્ન જડીત કીનારારે;
વાવ્ય કુપ તલાવ સોહાતાંરે, સુધારસ થકી મસ છલકાતાંરે.
માંહે અંડજવર બહુ રંગીરે, વદે મંદ મધુરૂં ઉમંગીરે;
લતા લલિત કનકતરૂ ઝાઝાંરે, માંહે સુંદર પંખી બીરાજ્યાંરે.
મધ્યે દુર્ગને છે દરવાજારે, જહાં અજશીવ ચોકી બીરાજ્યારે;
રાજ્ય માર્ગ મનોહર તેનારે, શણગારેલ દીવ્ય મજેનારે.

મોટા મંડપ ગોપુર ઝળકેરે, શીરે કળશ મનોહર ચળકેરે;
ધ્વજા તોરણ વિધવિધ ફરેકેરે, છજ્જાં ગોખ દેખી દીલ હરખેરે.
ભાત ભાતનાં મંદીર ભારીરે, મણી માણક મય ચિત્તહારીરે;
મન હરખીત તન શણગારીરે, ફરે નવ યૌવન નર નારીરે.
મુખ્ય મંડપ નગર વિષે છેરે, જેમાં સ્તંભ સહસ્ત્ર દીપેછેરે;
મધ્યે યોગ પીઠે શ્રી અનંતરે, ભોગીરાજ મહા બલવંતરે.
શ્વેત ઉદર વિશાળ રૂપાળુંરે, ફણીના મણીની પ્રભાવાળુંરે;
તેમાં શોભે પ્રભુ કોટી કામરે, શ્રીમન્નારાયાણા રૂપ ધામરે.
સાથે શ્રીજી શોભે પટરાણીરે, જોડી શ્રૃતીએ સદૈવ વખાણીરે;
તોએ પાર કદી નવ પામીરે, નમું તેને અનંત શીર નામીરે.

પદ ૨ જું

અવતાર પ્રયોજન—અવતરણિકા.

"ગોરમા ગણપતલાગું પાય" એ રાગની ગરબી.

એક સમય શ્રી વૈકુંઠ માંહે, શ્રી મન્નારાયણારે લોલ;
શ્રીજીએ દેખી ચુપ આપને, ચિંતાતુર ઘણારે લોલ.
જોડી કોમલ પલ્લવ હાથ, વધાં મૃદુ વાણથીરે લોલ;
સ્વામી એવો શો છે શોચ, શ્રીમાન હૃદય પ્રતિરે લોલ.
બોલ્યા જગતપતિ જગમાંહે, દુઃખી જન થાય છે રે લોલ;
સુખની વાટ તજીને હાથ,-થકી અથડાય છેરે લોલ.
એવો કિયો કરૂં આધાર, સદા જે રહે ટકીરે લોલ;

શોધું એવો શ્રેષ્ટ ઉપાય, બચે જન જે થકીરે લોલ.
સુણી આ દંપતીનો સંવાદ, વધા શ્રી શેષજીરે લોલ;
હે ! જગ વંદ્ય પ્રભુ જગનાથ, તમે સૃષ્ઠી સૃજીરે લોલ.
કર્ત્તા ભર્તા છો પ્રભુ આપ, ચહ્યું પળમાં કરોરે લોલ;
સ્વામી સ્વતંત્ર શ્રેષ્ઠ સમર્થ, શોચ શીદને ધરોરે લોલ.
ત્યારે બોલ્યા જગદાધાર, શોચની વાત છેરે લોલ;
કલિયુગનો આજે જગમાંહે, ઘણો ઉતપાત છેરે લોલ.
જનનું રક્ષણ કરવા આતુર, હું નિત્યે રહ્યોરે લોલ;
લઇને લક્ષ્મીને સંગાથે, હું જાતે ગયોરે લોલ.
તોપણ સુધર્યા નહિ એ મુઢ, વિચાર ન આણતારે લોલ;
મુજને રાજા કે ગોપાલ, તુલ્ય ઉર જાણતારે લોલ.
જઇ આવ્યા ત્યાં વિશ્વકસેન, અને સઘળા સુરીરે લોલ;
પણ એકેથી આ શુભ વાત, થઇ ન શકી પુરીરે લોલ.
છેલ્લો ધાર્યો હવે ઉપાય, કર્યું એમે નકીરે લોલ;
જે ન થયું બીજાથી કાજ, થશે તે તમ થકીરે લોલ.
બળને જ્ઞાન તણું છે કામ, થયું ન બીજા થકીરે લોલ,
એ બંનેનું એકજ ધામ, તમે છો મહામતીરે લોલ;
માટે પ્યારા મારા શેષ જાઓ, સંસારમાંરે લેલ.
કરી આવો આ ઉત્તમ કાર્ય, મનુષ્ય અવતારમાંરે લોલ;
સુણીને આજ્ઞા શ્રીયતિરાજ, વધા પ્રભુની પ્રતીરે લોલ.
કરૂણા કીધી લક્ષ્મીનાથ, આજ મુજપર અતીરે લોલ;
કરાવવું ધાર્યું છે કાજ, પ્રભુ મુજ હાથથીરે લોલ.
સમજ્યો ઉરમાં સ્વામી એમ, આપની વાતથીરે લોલ;
નહીં તો આપ થકી નવ થાય, કશું એવું નથીરે લોલ.

જડચર સમસ્ત કેરા એકજ, આપ ખરા પતિરે લોલ;
વધારવાને મારૂં માન, કીધી આજ્ઞા હરીરે લોલ.
આપે ધાર્યું છે તો નાથ, થશે સિદ્ધિ ખરીરે લોલ;
પણ સત્તા બેઉ જગ માંહે, તમારી છે પ્રભુરે લોલ.
તે જો સોંપો મારે હાથ, તોજ હું ત્યાં નભુંરે લોલ;
નહીં તો કશું ન ચાલે જોર, કૃપા તેથી કરોરે લોલ.
ઉભય વિભૂતિ કેરી કુંચી, મુજ કરમાં ધરોરે લોલ;
સુણીને આ અનંતની વાત, કૃપા હરિએ કરીરે લોલ.
કુંચી ઉભય વિભૂતિ કેરી, શેષ કરે ધરીરે લોલ;
તેથી રીઝીને ફણીરાજ, ઉઠયા ઝટ હર્ષથીરે લોલ.]
પ્રદક્ષીણા કરી થયા પ્રસંન, ચરણના સ્પર્શથીરે લોલ.
આજ્ઞા શીરપર ધારી આપ, પધાર્યા જગતમાંરે લોલ;
અનંત જય હો ગુરૂ અનંત, શ્રીમાન ધણીખમાંરે લોલ.

પદ ૩ જું.

જન્મ મંગલ—રાગ મંગલનો

જય જય મંગલ આજ મહોત્સવ જાણીએ,
ઉર આનંદ અથાગ ઉલટભર આણીએ;
પ્રકટયા શ્રીમત શેષ સુખદ નર વેશમાં,
તુંડીર મંડલ દીવ્ય શ્રી દ્રાવિડ દેશમાં.
શ્રીમત પ્રેમ બુધુર ભૂતપુરીને કહે,

પાવન નગર શ્રીમાન વાસમુની સુર ચહે;
જયશ્રી કેશવ ઈશ શ્રીજીસહ ત્યાં વસે,
કરવા દરશન નિત્ય સ્વરગથકી સુર ધસે.
ત્યાં છે કેશવાચાર્ય શ્રી વૈષ્ણવ ધન ધણી,
પંડીત વિપ્ર મહાન હારીત કુલના મણી;
સેવી ઉદધિ ને તીર શ્રી પારથ સારથી,
પામ્યા શુભ વરદાન પિતા અતિ પ્યારથી
કરકટ લગ્ન પ્રવિત્ર આરદ્રા વિશે થયું;
બેઠો સત યુગ પાટ રાજ્ય કલીનું ગયું,
ઉગ્યો જ્ઞાનનો ભાનું અંધારૂ ખશી ગયું.
શ્રી વૈષ્ણવ તરૂવૃંદ આજે વીકસી ગયું,
શ્રી કેશવ તણે ધામ હર્ષ અતિ થાય છે;
દેવા ધન્ય વધાઇ નારી નર ધાય છે,
તૈલ સુંગધી ચુર્ણ લાવ્યાં સહુ સંગમાં.
નાનાં મોટાં તમામ દીસે છે ઉમંગમાં,
વિપ્રોને ત્યાંહાં દાન અપાર અપાય છે;
નાટારંભને ગાન ત્યાંહાં બહુ થાય છે,
જેણે એ પતિસંગ કીધી તપસ્યા વડી.
એવાં પત્નિ પુનીત કાંતી મતી માવડી,
એ દંપતીને પ્રતાપ ઉગ્યો દીન આજનો;
જન્મ થયો જગ માંહે શ્રીમત કૃણી રાજનો,
ઉત્તમ છે ભગુવાર પ્રભાત ઘડી ગમી;

ઉત્તમ ચૈતર માસ ઉજ્વળ ઉગી પંચમી.
સુમિત્રા તણા પુત્ર થયા જે શ્રી લક્ષ્મણા,
રોહીણી તણા પુત્ર દાઉરૂપ જે ભણ્યા;
તે શ્રીશેષ શ્રીમાન કાંતી મતી સુત થયા,
લીધો નર અવતાર ધારી જનની દયા.
મામા શ્રી શૈલ પૂર્ણ પધાર્યા પ્રીતી ધરી,
દીધાં શંખ ને ચક્ર ક્રીયા સુવિધિ કરી;
દેખી બાળનું રૂપ લક્ષ્મણ મન ભાવતા,
અશ્રુ હર્ષનાં સદ્ય નયન વરસાવતા.
દીર્ઘ બાહુ આજાનું શશિ સમ વર્ણ છે,
રૂડાં કમલ સમાન લોચન કર ચર્ણ છે;
સામુદ્રિક ચહુ ચીન્હ દેખી મામા ઉચર્યા,
શેષ રૂપ શ્રીમાન ભાણેજ આ અવતર્યા.
રામાનુજ શુભ નામ પોતે તે થકી ધર્યું,
તેજ પુંજ સ્વરૂપે સહુનું -હદય હર્યું;
શશી શરદ સમાન પ્રતિદીન ખીલતા,
એવા સ્વામી શ્રીમાનને પ્રણમું અનુ સદા.

પદ ૪ થું.

પાદ તીર્થ પ્રભાવ, બ્રહ્મરાક્ષસ વિમોચન;

"પુજુ ગણપતિના પાય પુજું અંબિકા" એ રાગ.

નમું પ્રેમ થકી ધન્ય સ્વામી, રામાનુજ પાદનેરે,

જેના તીર્થના પ્રતાપ થકી, પાપી એ શુચી બનેરે.
શેષ આપ નર રૂપ થયા, જગતજનો કારણેરે;
કથા સાંભળો પુનીત ચિત્ત, ખાતરી તદા બણેરે.
બાળપણેથીજ જ્ઞાન દીવ્ય, જગતમાં જણાવીયુંરે;
ભણી આઠ વર્ષમાંજ, મુંજિ બંધન કરાવીયુરે.
ભણ્યા વેદ પિતા પાસ, એક વાર માત્ર સાંભળીરે;
સોળ વર્ષ લગી ગુપ્ત રહ્યા, કોઈ ન શક્યું કળીરે.
પછી કરવા પાખંડ ખંડ, હૃદયમાં વિચારીયુંરે;
મુળ શોધીને વિનાશ, સુખે કરવાનું ધારીયુંરે.
હતો સર્વથી મહાન, કાંચીમાં અદ્વૈત આગ્રણીરે;
રહ્યા આપ તેની પાસ, જાણી બુઝીને શિશુ બણીરે.
શિષ્ય રૂપ થયા આપ, પ્રથમ યાદવ પ્રકાશનારે;
રહી શક્યા નહીં ગુપ્ત, તદપિ તાંહાં કૃપાઘ્નનારે.
બ્રહ્મરાક્ષસ કો ભવ્ય, એજ નગરીમાં આવીયોરે;
ભૂપ સુતા તણા અંગમાં, પ્રવેશી ઘણું ફાવીયોરે.
ભુવા જોગી જતિ શ્રેષ્ટ, મંત્ર વાદી નૃપે નોતર્યારે;
ચાલ્યું કોઈનું ન લેશ, સહુ હારીને પાછા ફર્યારે.
ત્યારે યાદવ પ્રકાશને, નૃપતિએ તેડાવીયોરે;
લેઈ શિષ્ય વૃંદ સંગ, આપ સભા વિષે આવીયોરે.
નૃપે દીધું અતિમાન, ધરી ખાતરી ઉરે પકીરે;
એ છે સર્વથી મહાન, દુઃખ જશે એ થકી નકીરે.
જપી દેવી તણા મંત્ર, જેવો પાસ ગયો હાંઠથીરે;
તેવો રાક્ષસે પ્રકોપ કરી, ડરાવ્યો સ્વતાપથીરે.

ચાલ્યું મંત્રનું ન જોર, શોર સાંભળી ડરી ગયોરે,
ઉભો કંપતે શરીર, ડોળ દેખીને ઠરી ગયોરે.
હસી રાક્ષસે તદાજ કહ્યું, જા અલ્યા અહીં થકીરે;
નહીં જાઉં કોઈ કાળ, તારા મંત્ર થકી હું નકીરે.
તુંથી હુંજ છું અધિક, ખાતરી વડી તને દઉંરે;
પૂર્વે જન્મ મારો બોલ, નહીં તો હું તહારો કહુંરે.
થયો યાદવ નિસ્તેજ, પ્રશ્ન સુણી મોં વિકાશીયુંરે;
બ્રહ્મરાક્ષસે તદાજ, પોત તેનું ત્યાં પ્રકાશીયુંરે.
અલ્યા મૂર્ખ મારી પાસ, દંભ વૃથા તું જણાવમાંરે;
હતો ઘો તું પૂર્વ જન્મ, રહેતો હતો તલાવમાંરે.
એક વૈષ્ણવે પ્રસાદ, જમી ફેંકી પતરાવળીરે;
તેમાં થકી તને ત્યાંજ, શીતળ પ્રસાદી રૂડી મળીરે.
તે પ્રસાદને પ્રતાપ જન્મ, મળ્યો છે આ જાણજેરે;
તે પ્રસાદને પ્રતાપ ભણ્યો, ગર્વ નવ આણજેરે.
હું તો હતો શ્રેષ્ટ વિપ્ર, ક્રીયા લોપથી દુઃખી થયોરે;
બ્રહ્મ રાક્ષસનો દેહ, ધરી આજ લગી તો રહયોરે.
હવે મોક્ષ મને ધન્ય, આજ શિષ્ય તારા આપશેરે;
પેલા રામાનુજ નાથ, કૃપા કરી કષ્ટ કાપશેરે.
ધરે શીરે પદ્મ પાદ, તીર્થ દે યદિ કૃપા કરીરે;
મૂક્તિ મળે મને સદ્ય, ભુપ સુતા છુટે આ ઘડીરે.
એ છે શેષનું સ્વરૂપ, લઘુ શિષ્ય નવ જાણજેરે;
ચહે શ્રેય થવું તોજ, ભાવ એનાપર આણજેરે.
કર્યા રાક્ષસે પ્રસિદ્ધ, કૃષ્ણીરાજને સભા વિષેરે;

સુણી જોવા લાગ્યા સર્વ, નાનાં મોટાં સહુએ દીસેરે.
વિલોકી સ્વરૂપ રૂપ, મોહી રહ્યાં સહુ ત્યારથારે;
જઈ પડયો ચરણુ માંહે, ભૂપ ઉઠી અતિ પ્યારથારે.
ન મેં ઓળખ્યા શ્રીમાન, ક્ષમા કરો મને દીનનેરે;
ઉગારો કૃપાલ સદ્ય, મમ પુત્રી મતિ હીનનેરે.
જોઈ ભૂપતિનો ભાવ, પોતે કૃપા કરી તે ઘડીરે;
કર્યો રાક્ષસને મૂક્ત, દેઇ તીર્થને શીરે અડીરે.
આવ્યું સુંદર વિમાન, મુક્ત બનીને ચાલ્યો ગયોરે;
આવ્યું કુંવરીને ભાન, જયકાર ગુરૂનો થયોરે.
રાજા રાણી સભા સર્વ, પડયાં ગુરૂ તણા પાદમાંરે;
કર્યો કંચન અભિષેક, ધન્ય ધન્ય શ્રી ગુરૂ ખમારે.
તોડવા કુભાડ જોર, કર્યું પ્રથમ કૃત્ય આ રિતેરે;
અનુ નમું તે શ્રીમાન, લક્ષ્મણાર્ય ચરણમાં પ્રીતેરે.

પદ ૫ મું.

" જલપાન. "

" પડવેની પણ પ્રીત ઘટમાં ભુલીરે " એ રાગ.

લક્ષ્મણાર્ય શ્રીમાન સાચા સ્વામીરે,
છે પ્રભુના પ્યારા પુર્ણ સદ્ગુણ ગ્રામીરે;
પૃથ્વીપર અવતાર ધર્યો તે કાળેરે,
રક્ષણ કરતા જગદીશ દિનનીશ વ્હાલેરે.

આવતારી શ્રીશેષ જગતે જાણ્યારે,
પદનો પેખી સુપ્રભાવ વધુ વખાણ્યારે;
મણી મંત્રનું જોર જ્યાં નવ ચાલ્યુંરે,
સ્વામી ચરણે તે કષ્ટ પળમાં ટાળ્યુંરે.
જે મૂક્તિને કાજ જોગી જંખેરે,
તે ચરણે પામે સઘ જન નિઃશંકેરે;
એ ચરણોની મોજ મૂર્ખ ન માણેરે,
ઉલટો ઉર માંહે દ્વેષ અધિક આણેરે.
તેમ યાદવે શુભ રસ્તો નવ લીધોરે,
શ્રી લક્ષ્મણાર્ય પરકોપ ઉલટો કીધોરે;
બુદ્ધિ બળ દેખીને ડરવા લાગ્યોરે,
આ બાળક શત્રુ ભવ્ય જગમાં જાગ્યોરે.
અસુરમતિએ ઉરમાં ઊંધું ધાર્યુંરે,
જયમ કંસે શ્રી કૃષ્ણકાજ ચિત્ત વિચાર્યુંરે;
પ્રપંચ કીધો અન્ય શિષ્યો સાથેરે,
રામાનુજ રૂપી કષ્ટ ટળવા કાજેરે.
ત્રિવેણીમાં ડુબાડવાને ધારીરે,
કીધી યાત્રાને કાજ ઝટ તઇયારીરે;
જેથી હત્યા નવ લાગે પોતાનેરે,
ને જગમાં સાચી વાત કોઈ ન જાણેરે.
એમ વિચારી લઇ સ્વામીને સંગેરે,
નીકળ્યો યાત્રાને કાજ દુષ્ટ ઉમંગેરે;
અર્ધ પંથનો સરવે સાથે આવ્યારે,

પણ ત્યાં સ્વામીને ભાઇએ ચેતાવ્યારે.
ગોવિંદ માસી ધુતીમતીના જાયારે,
આ પ્રપંચ જાણી પૂર્ણ ઉર ધભરાયારે;
સાંધી રાખી લાગ રહીને વાંસેરે,
આવ્યા પ્રીતીથી આપ ભ્રાતા પાસેરે.
સરવ વાત કહી લક્ષ્મણને ચેતાવ્યારે,
રોકી સ્વામીને ત્યાંજ આપ સિધાવ્યારે;
એક વૃક્ષની પાસે ઠેર્યા સ્વામીરે,
તવ ચઢી આવ્યો વરસાદ વૃષ્ટી જામીરે.
સંધ્યા સમયે વૃષ્ટી ઠેરી જ્યારેરે,
યાદવે દીઠા નહીં સાથ લક્ષ્મણ ત્યારેરે;
મનમાં ધાર્યું ભલું થયું ભય ભાગ્યોરે,
અણધાર્યો આવ્યો લાગ મોહે માગ્યોરે.
બોલ્યા ઢોંગ કરીને શોચ બતાવ્યોરે,
વનમાં મુકીને બાળ આપ સિધાવ્યોરે;
ચાલ્યા લક્ષ્મણ આર્ય રસ્તો મેલીરે,
જેના છે લક્ષ્મીનાથ સાચા બેલીરે.
ત્યાં કો સુંદીર વ્યાધ પત્ની સાથેરે,
આવતો દીઠો એજ વનની વાટેરે;
તેણે સ્વામીસંગ સ્નેહ બતાવ્યોરે,
પૂછ્યું ઓ વ્હાલા વીર અહીં કયમ આવ્યોરે.
ભેદ બધો નવ ખોલ્યો પોતે ત્યારેરે,
જાવું છે કાંચી એમ જણાવ્યું પ્યારેરે;

બ્યાપે પણુ એ ધામ જવા જણાવ્યું રે,
પેખી સારો સંગાથ બેઉને ફાવ્યું રે.
થોડી દૂર જતાંજ થયું અંધારૂં રે,
તવ ત્યાંજ ગાળવા રાત સહુએ ધાર્યું રે;
એક ઝાડની હેઠ સુતા સ્વામીરે,
સુતાં દંપતીએ અન્ય સ્થાન વિરામીરે.
મધ્ય નિશાએ પત્ની બોલી જાગીરે,
હે! સ્વામી પાઓ નીર તૃષા મસ લાગીરે;
પતિ કહે અંધારામાં ક્યાં જાઉં રે,
આ વનમાં ક્યાંથી નીર લાવી પાઉ રે.
એમ બોલતાં બેમાં ઝગડો લાગ્યોરે,
સ્વામીએ પાડી શાંત ઝગડો ભાગ્યોરે;
હમણાં અંધારી રાત જાશે વીતીરે,
હું આણી આપીશ નીર ધરો પ્રતીતીરે.
માનો મારી વાત કહું છું પ્યારેરે,
તમ બેથી અધિકું કોઇ અન્ય નમારેરે;
ઊભા થતામાં બેઉએ માગ્યું પાણીરે,
ઉઠયા ઝટ લક્ષ્મણ આર્ય ઉમંગ આણીરે.
પાસે દીઠો કુપ જળથી ભરીયોરે,
પાવું શી રીતે એ વિચાર કરીયોરે;
કુપમાંજ ઉતર્યા ઝટ પોતે જાતેરે,
ને દેવા લાગ્યા નીર બંને હાથેરે.
કાંઠે ઉભાં બેઉ નર ને નારીરે,

લઇ પીતાં પ્રીતે બેઉ નિરમળ વારીરે;
ત્રણુવાર સ્વામીજીએ જળ પાયું રે,
દેવાને ચોથીવાર ચિત્તમાં ચ્હાયું રે.
જુવે ઉંચે નો કોઇ નવ ત્યાં દેખ્યું રે,
તવ નિકળ્યા પોતે બ્હાર અચરત લેખ્યું રે;
જુવે બ્હાર તો કાંચીપુરી જણાઈરે,
ઉપકાર અને આનંદ ગયો ઉભરાઇરે.
રક્ષા કરવા શ્રીજીને શ્રી સ્વામીરે,
આવ્યા વગડાની માંહે અંતરજામીરે;
આખી રાત રહ્યાં તરૂ નિચે પ્રીતેરે,
માગીને પીધું નીર રજની વીતેરે.
પળમાં કાંચી પાસ લીધા આણીરે,
રક્ષા કીધી સહ પ્રીત પ્યારા જાણીરે;
શાલ કુપનું નીર વ્હાલું કીધું રે,
ને એજ સેવનું કાજ ગુરૂને દીધું રે.
કનક કલશમાં નિત્ય લાવતા વારીરે,
પીતા શ્રી કાંચીનાથને શ્રી પ્યારીરે;
એવા વરદ કૃપાલ ને શ્રી માતારે,
એવા શ્રી લક્ષ્મણ આર્ય સાચા ત્રાતારે.
સદા અનંત તણે શીર રક્ષાક રહેજોરે
સેવા પોતાની શ્રેષ્ટ મુજથી લેજોરે.

પદ ૬ ઠું.

યામુનાં ગુલી વિમોચન—અભયવચન.

ગરબી સીતાજીના મહીનાના રાગની.

જય મંગલ હો શ્રી અનંત રામાનુજ સુખકરા,
આવ્યા જગજન રક્ષણ કાજ કૃપાનિધિ દુઃખ હરા;
સાચા એજ દીસે છે આચાર્ય ભવાબ્ધિની નાવડી,
શરણાગત રક્ષક સત્ય એની હૃય પાવડી.
અવતાર ધરી શઠ કોપ સ્વામી એજ ઉચર્યો,
ભાખી ભાષામાં આપ ભવિષ્ય સ્વસ્થાને પાછા ફર્યા;
ગાથા માંહે જણાવ્યું સ્પષ્ટ આચાર્ય તો એ થશે,
એના શરણ થકી કલિ માંહે જીવો ઉધરી જશે.
એવું નાથ મુનીને પ્રત્યક્ષ પોતે જણાવ્યું હતું,
એજ યામુન સ્વામીને સત્ય જણાયું હતું બધું;
વાટ જોઈને યામુન તાત રહ્યાતા શ્રીરંગમાં,
એવે વાંચી ફરીથી આ વાત ગાથામાં ઉમંગમાં.
કર્યો નિર્ણય કાલ તદાજ આશા ઉરમાં થઈ,
શોધો એ જગ રક્ષક હાલ હશે દેશમાં કહી;
ગયા શિષ્ય શોધ્યા સહુ દેશ કાંચીમાં ગુરૂ હતા,
તારી રાક્ષસ, પાઇને નીર થયા જગમાં છતાં.
જાણી યામુન સ્વામી એ વાત થયા ઉરમાં ખુશી,
જાતે નીરખવા લક્ષ્મણ આર્ય કરી પ્રીતીથી રૂચી;

આવી કાંચી વિલોકીને બાળ ઉમંગ ઉરે થયો,
પણ ભેદ સ્વામીજીને સઘ પોતે તવનવ કહયો.
જગ રક્ષણનો ઉર ભાર એ ધારશે શી રીતે,
એનો શોધવો શ્રેષ્ટ ઉપાય વિચાર્યું પોતે ચિતે;
વિનવીને વરદ પ્રભુ આપ પધાર્યા શ્રીરંગજી,
સોંપવાને સ્વામીને સિદ્ધાંત પ્રીતે સાહિત્યો સજી.
રચ્યું સંક્ષિપ્ત શ્રી સ્તોત્ર રત્ન શાસ્ત્રાર્થ બધો ભરી,
પછી તેડવા મોકલ્યા શિષ્ય પોતે આશા ઉર ધરી;
મહા પુર્ણ સ્વામી મહા સુજ્ઞ ચાલ્યા એજ કારણે,
આવ્યા કાંચી પતિ તણી પાસ પ્રીતે બેઠા બારણે.
વાંચવા લાગ્યા ત્યાં સ્તોત્ર રત્ન સ્વામીને સુણાવવા,
લક્ષ્મણાર્ય કૃપાલને સર્વ વિચારો જણાવવા;
આવ્યા સ્વામી લાવ્યા જ્યારે નીર ત્યારે ત્યાં ઉભા રહ્યા,
સ્વાભાવિક ઈતિ સુણી શ્લોક મોહીત તુરત થયા.
બોલ્યા પોતે મહા પૂર્ણ સાથ કૃપા મુજપર કરો,
કોણે કીધું આ ઉત્તમ સ્તોત્ર શું નામ તે ઉચરો;
મહા પૂર્ણે કહ્યું નામ ઠામ સ્વામીજીને સ્નેહથી,
થયા મળવાને આતુર સઘ જોઇ અદભુત કૃતી.
જાણ્યું રંગજીએ મન માંહે જો એ બે ભેળા થશે,
તો આ લીલા વિભૂતિનો પાર સહેજમાં આવી જશે;
તેથી યામુન સ્વામીને સઘ આજ્ઞા હરિએ કરી,
આવો વૈકુંઠમાં હવે આપ ભૂમિથી પાછા ફરી;
હતી યામુન સ્વામીને આશ શ્રી લક્ષ્મણ આર્યની,

જાણ્યું પોતે મળી એની સાથ સિદ્ધિ કરૂં કાર્યની.
તેથી આઠ દિવસ વધુ કાળ પ્રભુથી માગી લીધો,
પણ તોએ પ્રભુએ મેળાપ બેનો ન થવા દીધો;
આવી પહોંચ્યા ન લક્ષ્મણાર્ય આઠે દીન વહી ગયા,
ત્યારે પોતે પધાર્યા સ્વધામ તરફ ઉર રહી ગયા.
દેહને લઇ કાવેરી તીર આવ્યા આચાર્યો બધા,
એવે આવી પહોંચ્યા સામે તીર શ્રી લક્ષમણ ક્ષેમદા;
સાથે સ્વામી હતા મહા પુર્ણ આશા ઉર બહુ હતી,
આખે રસ્તે સ્વામી નીજ વાત બેઉએ કરી બધી.
એવા આશા ઉમંગ સમેત જેવા આવ્યા નીરમાં,
તેવા બેઠા દીઠા દ્વીજરાય બધા સામે તીરમાં;
પૂછ્યું જેવું જઇ ઝટ પાસ નીરાશ તેવા થયા,
મન કેરા ઉમંગ તમામ અરે ! મનમાં રહ્યા.
પામ્યા સંકટ તો પરીપૂર્ણ તદાપિ ધીરજ ધરી,
આવ્યા સ્વામીના દેહ સમીપ નીરખવા નયન ભરી;
કરી પ્રેમ પ્રદક્ષીણા ચાર સાષ્ઠાંગ પ્રીતે કરી,
લાગ્યા નીરખવા સ્વામીનું રૂપ -હૃદય ગયું ઉભરી.
જોઇ આંગલીઓ ત્રણ બંધ સ્વામીજીના કર તણી,
બોલી ઉઠયા પોતે જન સાથ આવી કેમ આ બણી?
જોઇ સરવ ચકીત થયા મન ન ભેદ કોઇએ લહયો,
ત્યારે સ્વામીજીએ ત્યાં વિચાર પોતાનો ખુલ્લો કર્યો.
સ્થાપીને શ્રી વૈષ્ણવનો સિદ્ધાંત તેમાંજ ચાલીશ હું,
આપી સરવેને સંસ્કાર પાંચ સ્વમતને પાળીશ હું;

એવું બોલતાં વેંતજ એક આંગલી ઉઘડી ગઇ,
ત્યારે બોલ્યા ફરીને કૃપાલ બીજી ઈચ્છા પણ કહી.
ખેંચી શાસ્ત્ર સકલ તણો સાર ઐકયાર્થ રૂડો કરી,
પૂર્વાચાર્યના મતાનુસાર સુ અર્થ બધા ભરી;
જગજનના પરમ હીત કાજ શ્રી ભાષ્ય રચીશ હું,
એવું બોલતાં આંગળું સદ્ય બીજું ઉઘડી ગયું.
ત્યારે બોલ્યા ફરી એ શ્રીમાન વિચાર ત્રીજો વળી,
જાણું છું કે સાચી કેની સહાય આપણ સહુને મળી;
વેદ વ્યાસ પરાસર ભટ્ટ સ્વામી શ્રી શઠારિનાં,
હું રાખીશ આ જગતમાં નામ પરમ ઉપકારીનાં.
ખુલી આંગલી ત્રીજીએ સદ્ય સ્વામીની વાણી સુણી,
જોઈ સ્વામીનો આવો પ્રભાવ મોહ્યા તહાં સહુ ગુણી;
આવ્યા ચરણને શરણ તમામ રક્ષક નિજ જાણીને,
લાગ્યા વંદન કરવા સદ્ય પ્રીતી અતિ આણીને.
પ્રભુને તો ચલાવવું જગત-જીવને તારવા,
સ્વામીજીતો આવ્યા ભૂમી માંહે સહુને ઉગારવા;
તેમાં આવો પડયો દેખી ભંગ ઉમંગ તુટી ગયો,
રંગનાથની ઉપર રોશ સ્વામીને ઘણો થયો.
તેથી પોતે બોલીને આ વાત ચાલ્યા ઝટ ત્યાં થકી,
રોકયા સહુએ કરી ખેંચ તાણ તો એ ન રહ્યા ટકી;
આવ્યા શ્રીમત વરદની પાસ ત્યારે વીસામો લીધો,
અવતાર પ્રયોજન ભેદ પ્રકટ એ રીતે કીધો.
મુની યામુને દીધી પ્રતીતી આંગલીઓ ઉઘાડીને,

દેહ મૂકયા પછી પણ દીવ્ય પ્રભાવ બતાડીને;
વધી ખ્યાત ફેલી શુભ વાત જગતમાં સહુ સ્થળે,
એવા સ્વામી શ્રી શેષ સાક્ષાત કયાંથી જનને મળે.
જેનાં હોય પૂરવ તણાં પુણ્ય તે ચરણ શરણ ગૃહે,
શ્રી નિવાસ તાતાને પ્રતાપ અનુએ સુખો લહે;

પદ ૭ મું.

ષડ્ વાકયાર્થસમંતિ. ત્રિદંડધારણ.

ગરબી "અમદાવાદ નામે આજરે" એ રાગની.

ધન્ય ધન્ય કૃપાનાથ લક્ષ્મણાર્ય શેષ પરમ ઉપકારીરે,
જનો કાજ કલી માંહે ભૂમી મધ્ય નર દેહી દીવ્ય ધારીરે;
અવતારનું પ્રયોજન પૂનીત પ્રથમથીજ કહી દીધુંરે,
મુની યામુનના દેહની સમીપ તેનું સત્યપણું કીધુંરે.
પછી કરવા પ્રારંભ શ્રેષ્ઠ કાર્ય તણો પ્રભુને પુછાવ્યુંરે,
-ગુરૂ કાંચી પૂર્ણ કૃપાધ્રને કાર્ય એ ઉમંગથી ઉઠાવ્યુંરે;
કાંચી પૂર્ણ રાત પડે પ્રભુ પાસ નિત્ય ખાસ સેવ કરતારે,
ત્યારે વરદરાજ પ્રભુ તેઉ સાથ વિવિધ વારતા ઉચરતારે.
એક સમે રૂડી જોઇને એકાંત પોતે પૂછવા વિચાર્યુરે,
ત્યાંતો બોલ્યા આપોઆપ વરદરાજ આજ મનમાં શું ધાર્યુંરે;
લક્ષ્મણાર્ય પ્રતી પ્રીત જગતનાથ તણી એ રીતે વિલોકીરે,

વધા લક્ષ્મણાર્યે તણી ખાસ વાત કાંચી પૂર્ણ પુણ્ય શ્લોકીરે.
લક્ષ્મણાર્ય પ્રભુ આપના વિચાર ખાસ જાણવા ચહે છે રે,
ત્યાંહાં લગી એ કૃપાલ તણા ચિત્ત વિષે ઘુંચવણી રહે છે રે;
વાત સુણી પ્રભુએ થઈ પ્રસંન ખુલાસા તમામ કીધારે,
કીયે માર્ગ જવું તે વિષે વિચાર કૃપાથી જણાવી દીધારે.
"પરતત્વ એક હુંજ દઉં સત્ય જગત કારણ છઉં હું રે"
"ભેદ છે ક્ષેત્રજ્ઞને ઈશ્વર મધ્ય સત્ય તત્વ એક હું છું રે"
"મુક્તિ ચહે તેઉ કાજતો ઉપાય માત્ર પ્રપત્તિજ જાણોરે"
"અંત સમે સ્મરણની અવસ્ય શરણકાજ નવ ઉર આણોરે"
"શરણ થાય તેમને હું પરમધામ દેહ અંત સમે દઉછું રે"
"કરો ગુરૂ મહા પુર્ણ છએ વાત લક્ષ્મણાર્ય કાજ કહુંછુ રે"
સર્વ શાસ્ત્ર તણા તત્વરૂપ અર્થ આમ પ્રભૂએ જણાવ્યારે,
કાંચી પુર્ણ મુખે સુણી લક્ષ્મણાર્ય તણે ચિત્ત ઘણા ભાવ્યારે.
પાયો એ રીતે શ્રી કંથના વિચારરૂપ પહેલથી બનાવ્યોરે,
પછી સંપ્રદાયરૂપ ભવ્ય મ્હેલ તેજ ઉપર ચણાવ્યોરે;
આદિ ગુરૂ જહાં બન્યા રમાંકંથ રહે તહાં શાની ખામીરે,
સજ્જ થયા લક્ષ્મણાર્ય એ રીતે કરવા અતિ હર્ષ પામીરે.
કહી બતાવ્યું શ્રી યામુનની પાસ તે કરી બતાવવાનેરે,
પ્રથમ ગુરૂ મહા પૂર્ણ તણે શરણ જવા લીધું નીજ ધ્યાનેરે;
જેને સહાય સદા શીરે છે શ્રી કંથ તેને વાર શાની લાગેરે,
કાંચી થકી જતાં એકજ મુકામ મળ્યા ગુરૂ મહા ભાગેરે.
મુનિ યામુનની પછી સંપ્રદાય તણા રક્ષક એ થાશેરે,

એમ ચહી મહા પુર્ણ આવના હતા શ્રી લક્ષ્મણાર્ય પાસેરે;
ધારતાંજ બેઉનો રૂડો સંજોગ કરાવ્યો કમલા નાથેરે,
થયા શિષ્ય ત્યાંજ લક્ષ્મણાર્ય ધન્ય શંખ ચક્ર ધરી હાથેરે.
તેજ વિલોકી તદાજ મહા પુર્ણ ગુરૂ અતિ હર્ષ પામ્યારે,
જોઇ રક્ષક સમર્થ લક્ષ્મણાર્ય તાપ હૃદયના વિરામ્યારે;
રહ્યા આપ ખટ માસ કાંચી માંહે લક્ષ્મણાર્ય પાશ પ્રીતેરે,
સંપ્રદાય તણું સર્વ શ્રેષ્ટ જ્ઞાન કહી જણાવ્યું સુ રીતેરે.
પછી પ્રભુદાસ પગુા તણા રાજ્યની લગામ હાથ લેવારે,
સજ્જ થયા આવ્યા હતા ભુમીમાં હે જે કરવા ખાસ શેવારે;
સધ સ્ત્રી ધનને ધામ આદી સર્વ એજ કાજ તજી દીધુરે,
શ્રી અનંત નામ પુષ્કરણી તીર હાથથી સંન્યસ્ત લીધુંરે.
હસ્તમાંહે ધર્યા શોભતા ત્રિદંડ શંખ ચક્ર દીપે હાથેરે,
વસ્ત્ર ધર્યા દીવ્ય અંગ વિષે શોભીત કાષાય કૃપાનાથેરે;
કીધાં દ્વાદશ પવિત્ર ઉર્ધ્વપુંડ શીખા સુત્ર અતિ સોહેરે,
લક્ષ્મણાર્યનું સ્વરૂપ દીવ્ય ભવ્ય દેખી સુરી મુની મોહેરે.
સુણી દેવરાજની થયા સુપ્રસંન કાર્ય સિદ્ધિ હવે થાશેરે,
ફણીરાજના પ્રતાપ થકી કષ્ટ જગત જનો તણાં જાશેરે;
એજ શ્રેષ્ટ કાર્ય તણો સુપ્રારંભ આજ થકી થયો જાણીરે
મોકલ્યાં શીબીકા છત્ર સર્વ વાદ્ય અતિ પ્રેમ ઉર આણીરે.
સામા મોકલી શ્રીમાન શઠ કોપ પાસે માનથી તેડાવ્યારે,
ધુમ ધામ સાથ લક્ષ્મણાર્ય પ્રશ દેવરાજ પાસ આવ્યારે;
ત્યારે કાંચી પુર્ણ ગુરૂ મુખે સ્નેહ પ્રભુએ અતિ જણાવ્યોરે,
નિત્ય વાસકાજ શ્રેષ્ટ મહસદ્ય સજ કરાવી અપાવ્યોરે.

" યતિરાજ " શુભ નામ દેવરાજ પ્રભુએ તદ્દાજ દીધું રે,
સંપ્રદાય તણું પતિપણું નિત્ય લક્ષ્મણાર્ય તણું કીધું રે;
ચાલી વાત વધી ખ્યાત દેશદેશ થકી જનો શરણુ આવ્યારે,
કલી તણા મહા કષ્ટથી અસંખ્ય જીવ સ્વામીએ બચાવ્યારે.
ત્યારથીજ જનો રક્ષણનો માર્ગ ચાલ્યો જાય છે કૃપાથીરે,
રહ્યાં શીરે સદા લક્ષ્મીને શ્રીનાથ એજ કાર્ય તણા સાથીરે;
પળે પળે પ્રભુએ દઇ સહાય રાજ્ય પ્રીતથી સ્થપાવ્યુંરે,
યતી માત્ર તણા પતી તણું માન જગતમાં સદા અપાવ્યું રે.
પ્રભુ એજ બતાવ્યો સુસંપ્રદાય પ્રભુએ ચલવી દીધોરે,
અધિકાર તે વિષે યતીશ લક્ષ્મણાર્યનોજ સદા કીધોરે;
અનુએજ લક્ષ્માણાર્યતણું અંગ શ્રીનિવાસ ગુરૂ જાણીરે,
થયો ચરણ શરણુ દીન રંક દાસ અતી ભાવ ઊર આણીરે.

પદ ૮ મું.

યાદવ પ્રકાશનો ઉદ્ધાર.

ગરબી. " ગરબે રમવાને, ગોરી નીસર્યાંરે લોલ " એ દેશી.

જય યતિરાજ કૃપાનિધિરે લોલ,
પ્રણમુ ચરણમાં ધરી પ્રીતીરે લોલ;
અધમ તમેજ ઓધારીયારે લોલ,
ડુબતાને ભવ તારીયારે લોલ.
પ્રથમજ અદ્વૈતી ખાસનેરે લોલ,

તાર્યો યાદવ પ્રકાશનેરે લોલ;
અતિ અભીમાન ધરાવતોરે લોલ
મહા પંડિતને હરાવતોરે લોલ.
વિવાદમાં સદા ફાવતોરે લોલ,
અજીત આપ કહાવતોરે લોલ;
તેને યતીશે નમાવીયોરે લોલ,
ચરણુ શરણુ એજ આવીયોરે લોલ.
કથા કહું તે ટુંકાણુથીરે લોલ,
પ્રપંનામૃતના પ્રમાણુથીરે લોલ;
ખ્યાતી સુણી યતિરાજનીરે લોલ,
માત યાદવની આતુર બનીરે લોલ.
આવી યતીશને દરશનેરે લોલ,
સુણવા કથા ઉત્કર્ષનેરે લોલ:
દરશનથીજ ગળી ગઇરે લોલ,
વાત સુણીને પીગળી ગઈરે લોલ.
આવી યાદવને ચેતાવીયોરે લોલ,
તેં વૃથા જન્મ ગુમાવીયોરે લોલ;
હજી જહાં લગી તન છેરે લોલ,
ત્યાંહાં સુધી આશા મન છેરે લોલ.
સેવ શ્રીમંનારાયણારે લોલ,
ગુરૂ કર લક્ષ્મણ કૃપાધનારે લોલ;
નહીં તો વિમાસીશ અંતમાંરે લોલ,
વિચાર કરય તારા ચંતમાંરે લોલ.

જો પરચા યતીરાજનારે લોલ,
જો પરચા એનાં કાજનારે લોલ:
બ્રહ્મરાક્ષસ એણે તારીયોરે લોલ,
મદ તારોજ ઉનારીયોરે લોલ.
પ્રભુએ એની રક્ષા કરીરે લોલ,
જળ પીધું અંજલી ભરીરે લોલ;
યતિપતિ પદ એને આપીયુંરે લોલ,
નાક તમારૂં કાપીયુંરે લોલ.
કયમ તોએ ચેતતો નથીરે લોલ,
ચરણને શરણ જતો નથીરે લોલ:
કરી ચુકયો જે તુંથી થયુંરે લોલ,
ફોકટ એ સઘળું ગયુંરે લોલ.
તેમજ જીવતર પણ જશેરે લોલ,
અંતે વિમાસણ મસ થશેરે લોલ:
મદ ત્યાં નહીં કામ આવશેરે લોલ,
સત્ય હશે તેજ ફાવશેરે લોલ.
સુણી એવાં વેણ માતનાંરે લોલ,
યાદવ પડીઓ ઉચાટમાંરે લોલ;
રે! જીવ!! સાચું તે શું હશેરે લોલ,
આખર મારૂં તે શું થશેરે! લોલ.
અદ્વૈત મત શું ખોટો હશેરે લોલ,
શ્રુતી અર્થો કયમ બેસશેરે લોલ;

જઈને કરૂં જાતે ખાતરીરે લોલ,
વિવાદ એ બાળથી કરીરે લોલ.
એમ ધારી મઠમાં ગયોરે લોલ,
વિવાદ યતીવરથી ચહયોરે લોલ;
સ્વાગી ન વધા શીખાનષ્ઠથીરે લોલ,
વિપ્રના કર્મથી ભ્રષ્ટથીરે લોલ.
કુરેશને આજ્ઞા કરીરે લોલ,
વ્હેમ નાંખો એમના હરીરે લોલ;
વાદ કુરેશે તદા કર્યોરે લોલ,
વ્હેમ યાદવનો બધો હર્યોરે લોલ;
યાદવ ઝટ હારી ગયોરે લોલ,
અર્થ ઉપર તો વારી ગયોરે લોલ.
આવ્યો પાછો નીજ સ્થાનમાંરે લોલ,
અર્થ ઉતર્યા ધ્યાનમાંરે લોલ,
ચમત્કૃતિથી મોહી રહયોરે લોલ,
તોએ ન મેલ બધો ગયોરે લોલ.
ધુંચવણી ઉરમાં વધીરે લોલ,
સુતો કરી ચિંતા અતીરે લોલ;
સ્વપ્ને વરદ પ્રભુએ કહ્યુંરે લોલ,
મલીન હજી ઊર કયમ રહ્યુંરે લોલ.
જા-યતીશ્વર પદ આશરેરે લોવ,
તે વિના તું કદી નહીં તરેરે લોલ;
જાગીને તો મુંઝાયો વધુરે લોલ,

જોયું શું આ સ્વપ્ને બધું રે લોલ.
સ્વપ્નને સત્ય ન જાણવું રે લોલ,
જુઠું એ આ કયમ માનવું રે લોલ;
સુઝયો ઉપાય તદા ચિત્તેરે લોલ,
કાંચી પુરણને કહું પ્રીતેરે લોલ.
એ શ્રી વરદને પુછશેરે લોલ,
સાચુ જુઠું જણાઇ જશેરે લોલ;
કાંચી પુરણને એવું કહ્યુંરે લોલ,
કષ્ટ કાંઇક મને થયું રે લોલ.
પુછો પ્રભુને કૃપા કરીરે લોલ,
ઉપાય શું સુચવે હરીરે લોલ;
કાંચી પૂરણછે કૃપાનિધિરે લોલ,
વાત એની પ્રભુને કીધીરે લોલ.
વરદરાજ હશી વધારે લેલા,
હાથે કરી ખમેછે વ્યથારે લોલ;
સ્વપ્ને મેં એને જઈ કહ્યુંરે લોલ,
તોએ ન સત્ય ચિન્તે ગ્રહ્યું રે લોલ.
કહયું નહીં યદિ માનશેરે,
તો આખર એ દુઃખી થશેરે લોલ;
કાંચી પુર્ણે સંદેશો કહયોરે લોલ,
યાદવ સુણીને ડરી ગયારે લોલ.
ઝટપટ ગયો મઠતી પ્રતીરે લોલ,
મુંઝાઈ ગઇ ચિત્તની મતીરે લોલ;

શત્રુ કર્યા યતિરાજ મેંરે લોલ,
હાથે બગાડયું છે કાજ મેંરે લોલ.
મારવા સુધાં ઉરમેં ચહ્યુંરે લોલ,
પછી તે શું બાકી રહ્યુંરે લોલ;
કયમ એ કરશે ક્ષમા મનેરે લોલ,
જાઉં શા મુખથી એની કનેરે લોલ.
સ્મરણ પ્રભુ વાકયનું કરીરે લોલ,
ધૈર્ય ઉરમાં ફરીને ધરીરે લોલ;
ડરતો અંતઃકરણમાંરે લોલ,
આવી પડયો ગુરૂ ચરણમાંરે લોલ.
અપરાધો મુખથી કહીરે લોલ,
રોઈ પડયો ચરણો ગૃહીરે લોલ;
બડા વડાઈ નહીં કરેરે લોલ,
ક્ષમા સદા દયાથી કરેરે લોલ.
યાદવ ઘભરાયો અતિરે લોલ,
પોતાની વિચારી કૃતિરે લોલ;
પણ યતીરાજે કૃપા કરીરે લોલ,
ઉઠાડયો શીર કર ધરીરે લોલ.
આશ્વાસન બહુ આપીયુંરે લોલ,
મૃદુ વચને દુઃખ કાપીયુંરે લોલ;
પ્રાયશ્ચીત કરાવીયુંરે લોલ,
જનોઈ ઝટ પેહેરાવીયુંરે લોલ.
સંસ્કારો પાંચે દઈરે લોલ,

શુભ સન્યસ્ત દીધું તહીંરે લોલ
ત્રિદંડ કરમાં ધરાવીયારે લોલ,
ગોવિંદદાસ ઠરાવીયારે લોલ.
ગરવા ગ્રંથ ગુંથાવીયારે લોલ,
યતિના ધર્મો જણાવીયારે લોલ;
સુખીયા એમ સદા થયારે લોલ,
અંતે શ્રી વૈકુંઠે ગયારે લોલ.
અપરાધી એવા વડારે લોલ,
અંતે જો ચરણે પડયારે લોલ;
તો તેમને એ ઉગારીયારે લોલ,
ભવસાગર થકી તારીયારે લોલ.
એ દૃષ્ટાંત વિચારીનેરે લોલ,
આશા હૃદયે દૃઢ ધારીનેરે લોલ;
ગયો યતિવર શરણમાંરે લોલ,
સુખે પડયો છું ચરણમાંરે લોલ.
ભવ ભયને દુઃખડાં જશેરે લોલ,
શ્રેય અનુ સર્વદા થશેરે લોલ.

પદ ૯ મું.

શ્રી રંગ આગમન. ઉભય વિભુતિનાથ પદ ધારણ.

ગરબી. "શ્રી ગોકુળનો રાજીઓરે વ્રંદાવનનો અધિકારીરે"
એ રાગની.

લક્ષ્મણાર્યે કૃપાનિધિરે યતિવર સૂખકારીરે,

ઝુચે કલાસમ વિશ્વમાંરે નીજ ખ્યાત પ્રસારીરે,
દાશરથીને કુરપતિરે થયા શીષ્ય પ્રતાપીરે,
નિજ શેવકમાં સર્વથીરે પદવી વડી આપીરે.
ધાઈ આવ્યાં ચહું દીશ થકીરે શરણે નરનારીરે,
દઇ સંસ્કાર સ્વિકારતારે સહુને દયા ધારીરે;
ખ્યાત અધિક પ્રસારવારે હરિએ ઉરધાર્યુંરે,
માનવધારી યતીશનુંરે વધુ કાર્ય સુધાર્યુંરે.
વરદરાજને રંગજીરે બેઉએ શ્રી પતિ છે રે,
જુદા જેવા તે થયારે યતિરાજ નિમિતેરે;
શ્રી રંગે યતિરાજનીરે ખ્યાતી સુણી ભારીરે,
ચાહ્યું ચિત્તમાં સોંપવારે નિજ સેવા સારીરે.
પત્ર લખ્યો દેવ રાજનેરે મોકલ્યો દ્વીજ સંગેરે,
મોકલો શ્રી યતિરાજનેરે માગ્યું એ ઉમંગેરે;
ઉત્તર શ્રી વરદે દીધોરે મમપ્રાણ ન આપુંરે,
અન્ય ચહો તે મોકલુંરે નહીં વચન ઉથાપુંરે.
શ્રી રંગે જાણ્યું ચિતેરે એ છે વરદના પ્યારારે,
બોલાવું હું તો હવેરે કાંઈ યુકિત દ્વારારે;
એવું ધારી ઉરમાંરે શ્રી રંગપતિએરે,
બોલાવી વર રંગનેરે કહ્યું કૃપાનિધિએરે.
કાંચીમાં જાઓ તમેરે દેવરાજની પાસેરે.
દેવગાનથી રીઝવોરે વર લેવા આશેરે;
વર આપે તવ માગજોરે યતિરાજ પ્રતાપીરે,
બીજું આપે ચાહે તે લેશો ન કદાપીરે.

આજ્ઞા શીર ધરી ઇશનીરે વરરંગ સીધાવ્યારે,
શિષ્યોને સંગે લેઇરે કાંચીમાં આવ્યારે;
સામૈયું ભારી થયુંરે યામુન સુત કેરંરે,
શ્રી કાંચી પુરણે કર્યુંરે સનમાન ઘણેરંરે.
મોટી સભા પ્રભુએ ભરીરે એ કાર્ય નિમીતેરે
સેવક જન સાથે સુણ્યું દેવ ગાયન પ્રીતેરે;
વરદરાજ રીઝયા અતીને વર આપ્યો જ્યારેરે,
માગ્યા શ્રી યતીરાજનેરે વરરંગે ત્યારેરે.
વરદારાજ દુઃખીઆ થયારે યતિરાજ વિયોગેરે,
સમજાવ્યા વરરંગનેરે ત્યારે સહુ લોકેરે;
આગ્રહને વળગી રહ્યારે યામુન સૂત સ્વામીરે,
આપ્યા તવ યતિરાજનેરે પ્રભુએ દુઃખ પામીરે
..વરના જાવા થકીરે કાંચીપુર રોયુંરે,
જનકપુરે જયમ જાનકીરે કેરૂં સુખ ખોયુંરે;
શિષ્યો ચાલ્યા સેવવારે યતિવરને સંગેરે,
વિજય કર્યોનિજ કાર્યનોરે એવો વર રંગેરે.
આગળથી આવી તુરતરે વરરંગે હેતેરે,
દીધી વધાઈ શ્રીરંગનેરે યતિવર આવે છેરે;
સાખાશી પ્રભુએ દઇરે આજ્ઞા ઝટ કીધીરે,
સામૈયું સત્વર કરોરે ઉર લાવી પ્રીતીરે.
વાજાં ગાજાં સર્વેકોરે જાઓ ઝટ સામારે,
આપો માન એવું વડુંરે જેવું કોઇ ન પામ્યારે;
પ્રભુ આજ્ઞા સમ સ્વામીએરે સામૈયું કહાડયુંરે,

વાજાં ગાજાં નગરનેરે સામું સોંઢાંડયુંરે.
લઇ આવ્યા અતિ ઠાઠથીરે યતિવરને પુરમાંરે,
હર્ષ તદા માયો નહિરે શ્રી વરના ઉરમાંરે;
બેશી સદ્ય વિમાનમાંરે લક્ષ્મીવર જાતેરે,
આવ્યા સામા તેડવારે સેવક જન સાથેરે.
એવી પ્રીતી ઇશનીરે દેખી જન મોહ્યાંરે,
સહુએ યતિવર ચરણમાંરે ચિત્ત ભાવે પ્રોયાંરે;
યતિવર પ્રભૂને દેખતાંરે આવ્યા ઝટ ધાઈરે
ફરી ફરી ચરણે નમ્યારે અતિશય હરખાઇરે.
અચ્યુત મુખ બોલ્યા હરિરે ભલે આપ પધાર્યારે,
ઉભય વિભૂતિ આપનેરે સોપું છું પ્યારારે;
ઉભય વિભુતીનાથએર નિજ નામ ધરાવોરે,
કારભાર મારો બધોરે નિત્ય આપ ચલાવોરે.
હું હવે નિર્ભય થાઉછુંરે સઘળી વાતેથીરે,
રહીશ હવે હું આજથીરે રાખશો તે રીતેથીરે
સત્તા સઘળી એ રીતેરે રંગનાથે દીધીરે
સેવ પ્રભુની તે રીતેરે પોતે પણ કીધીરે.
ક્રમ બાંધ્યો સેવા તણોરે હજુ તે ચાલે છેરે,
એજ રીતે શ્રીરંગરે હજુએ મ્હાલે છેરે;
અનુએ ગુરૂ પ્રતાપથીરે એ નજરે જોયુંરે
એ સુખ જરીએ ન ભોગવ્યુંરે તેણે વય ખોયુંરે.

પદ ૧૦ મું

સંપ્રદાયાર્થ સંગ્રહ—મંત્રાર્થ ભુરીદાન. મન્નાથ પ ૬ ધારણ. રામાનુજ સંપ્રદાય સપ્તપંથ કરણ

"રસીયો રસે ભર્યોરે વ્હાલો મારો વિઠલ" એ રાગ.

પ્રણમું પ્રેમથીરે, પ્યારા મારા લક્ષ્મણાર્યરે
ધરી કરૂણા અતીરે કીધું જગહીતનું શુભ કાર્યરે
જનને તારવારે આવ્યા દીવ્ય સુરી જગ માંહીરે
તે મુકો ગયારે, ઊત્તમ સાધાન બહુ એ આંહીરે.
કીધાં એકઠાંરે, તે શ્રી યામુન મુનીએ તમામરે;
અધિક કર્યાં વળીરે, પોતે પણ એવાં શુભ કામરે.
તે સહુ સોંપવારે, શ્રી લક્ષ્મણને ચાહાયું ચિત્તરે;
જાણ્યું કે થશેરે, એનાથીજ જગતનું હીતરે.
તે માટે કર્યારે, નિજ મત ધનના પાંચ વિભાગરે;
પાંચે શિષ્યનેરે. સોંપ્યા ઉર આણી અનુરાગરે.
લેવા તે બધુંરે, લક્ષ્મણ આર્ય થયા તૈયારરે;
આવ્યા પ્રીતથીરે, પહેલા મહા પુર્ણને દ્વારરે.
ગુરૂ ચરણે નમીરે, માગ્યું સંપ્રદાયનું દ્રવ્યરે;
મહાપુર્ણે તદારે, સોંપ્યું રહસ્ય સઘળું ભવ્યરે.
શ્રી દ્વય મંત્રનારે, જાણી ઉત્તમ લીધા અર્થરે;
શ્રવણે સાંભળ્યું, શ્રી પાંચરાત્ર સમુદ્ર સમર્થરે.

શ્રી વ્યાસ સુત્રનેરે ન્યાસ મિમાંસા શાસ્ત્ર તમામરે;
ગીતા અર્થનેરે સિદ્ધિ ત્રય આદી સુખ ધામરે,
શ્રવણે સાંભળ્યારે તેવાં શીખી ગયા સહુ શાસ્ત્રરે;
દૈવી જ્ઞાનથીરે ગુરૂ જણાયા નિમીત્ત માત્રરે,
એવું દેખીનેરે મોહ્યા મહા પુર્ણ ગુણવાનરે.
શેષ સ્વરૂપ છેરે એ ઝટ ઉપજ્યું પાછું જ્ઞાનરે,
તેથી પુત્રનેરે લાવ્યા શ્રી લક્ષ્મણની પાસરે;
વિનવીને કહ્યુંરે એને કરો ચરણનો દાસરે,
પુંડરી કાક્ષનેરે, કીધા લક્ષ્મણ મુનિએ શિષ્યરે;
મહા પૂર્ણે તદારે, દીધી પ્રીતીથી આશીશરે.
ગોષ્ઠી પુરમાંરે, ગોષ્ઠી પુરણ સ્વામી પાસરે;
શ્રી મૂલ મંત્રનારે, સુણવા અર્થ ધરી ઉર આશરે.
ત્યાં શ્રી રંગમાંરે, આવ્યા ગોષ્ટી પુર્ણ કૃપાલરે;
રંગજીએ તદારે, જણાવીધું યતિવરપર વ્હાલરે.
ગોષ્ઠી પુર્ણનેરે, પ્રભુએ કહ્યું ધરીને પ્રીતરે,
લક્ષ્મણ આર્યનેરે, દો મંત્રાર્થ સમસ્ત પુનીતરે.
ત્યારે સ્વામીએરે, પ્રભુને ઉત્તર દીધો એમરે;
મુજ ગ્રહે મોકલોરે, ત્યાં હું આપીશ આણી પ્રેમરે.
યતિવર એ રીતેરે, ગોષ્ટી પુરે ગયા ગુરૂ પાસરે;
પણ પોતે તદારે, પુરી નહી યતીવરની આશરે.
મહાત્મ્ય અર્થનુંરે, જણાવવા અષ્ઠા દશવારરે;
લક્ષ્મણ આર્યનેરે, ફેરા ખવરાવ્યા નિજદ્વારરે.
અંતે આપીયારે, શ્રીમત અષ્ટાક્ષરના અર્થરે;

ગુરૂ મુખ સાંભળીરે, પોતે સમય ન કાઢયો વ્યર્થરે.
અરધી રાતનારે, ઉંચે ગોપુર ચઢી મહાનરે;
એ મંત્રાર્થનુંરે, કીધું જગમાં ભૂરી દાનરે.
જણ ચુમોતેરેરે, પ્રીતે સુણયા રાખીને ધ્યાનરે;
ઉઠી પ્રભાતમાંરે, શરણે આવ્યા તે વિદ્વાનરે.
શિષ્ય વડા થયારે, એ આચાર્યો સરવ સમાનરે;
ફેલ્યો દેશમાંરે, એથી શ્રીમત સ્થાનો સ્થાનરે.
મહીમા દેખીનેરે, ચેત્યા ગોષ્ઠી પૂરણ ચિત્તરે;
શેષ સ્વરૂપ એરે, થઇ આજે પૂરણ પરતીતરે.
કહ્યું હતું મનેરે, શ્રી રંગનાથે કોઇક કાલરે;
કો નર આવશેરે, તે લેશે જગની સંભાલરે.
એને મોકલુંરે, જ્યારે હુંજ તમારી પાસરે;
ત્યારે આપજોરે સહુ મંત્રાર્થ ધરી ઉલ્લાસરે.
તે આ આવીયારે, વૈષ્ણવ મતના ઉધારનારરે;
એના નામથીરે, મતને ઓળખશે સંસારરે.
વૈષ્ણવમત છેરે, જે શ્રી સંપ્રદાય કહેવાયરે;
કહેવાશે હવેરે, તે શ્રી રામાનુજ સંપ્રદાયરે.
એ "મન્નાથ" છેરે, એવું કહીને ભેટયા આપરે;
શ્રીમન્નાથ એરે, ત્યાંથી નામ થયું વિખ્યાતરે.
કીધા પુત્રનેરે, પ્રેમે લક્ષ્મણાર્યના શિષ્યરે;
સૌમ્ય નારાયણારે, રહ્યા ચરણ માંહે દીન નીશરે.
મંત્રાર્થો લઇરે, ચાલ્યા ત્યાંથી શ્રીમન્નાથરે;
માલાધર થકીરે, સુણવા સહસ્ર ગીતી પાઠરે.

કાલક્ષેપમાંરે, ચુકયા અર્થ શ્રી માલાકારરે;
ત્યારે યતીશ્વરેરે, કર્યો ખુલાસો સર્વ પ્રકારરે.
શીખ્યા વિશુજદારે, એવું દેખ્યું અદભુત જ્ઞાનરે;
માલાકારનેરે, ઉરમાં ત્યારે આવ્યું ભાનરે.
શ્રી શઠ કોપનીરે, વાણી વૃથા ન થાય લગારરે;
છે આચાર્યએરે, ધન્ય થયો જગમાં અવતારરે.
પ્રણમી ઉરથીરે, આણી મસ યતીવરપર પ્યારરે;
સુંદર બાહુનેરે, સોંપ્યા ચરણકમલ મોઝારરે.
શ્રીનાર રંગનેરે, સેવી વશ કીધા ભલી ભાતરે;
અર્થો એઉથીરે, સુણી લીધા કરીને રળીયાતરે.
બંધુ શાદનેરે, પોતે કર્યા ચરણના દાસરે;
કંઈક સમય પછીરે, ગયા શ્રી શૈલ પૂર્ણની પાસરે.
રામાયણ ભણ્યારે, અઢારવાર ગુરૂથી આપરે;
ગોવિંદ આર્યનેરે, શોપ્યા માંમે જોઇ પ્રતાપરે.
કીધું એકઠુંરે, એ રીતે સહુ પ્રાચીન ધનરે;
અધિક વધારવારે, વિચાર કીધો પાછો મનરે.
કુરેશને લઈરે; જઈ આવ્યા શારદ મઠ માંહેરે;
બોધાયન તણીરે, વૃત્તી ભણ્યા કુરપતિ ત્યાંહરે.
દ્રાવીડ ટંકનેરે, કોહ દેવાચારીના ગ્રંથરે;
જોયા પ્રેમથીરે, કીધો સંગ્રહ શ્રેષ્ઠ ધીમંતરે.
પૂર્વાચાર્યનારે, શ્રમને કરવા સફલ સપ્રીતરે;
કીધું એકઠુંરે, જગમાંથી જનનું સહુ હીતરે.
નિત્યે ભોગવેરે, જગજનું તેનો કર્યો ઉપાયરે;

સાતે ગ્રંથમાંરે, રેડયો એ અમૃત સમુદાયરે.
સરવે શાસ્ત્રનુંરે, જાણીને ઐક્યાર્થ સુરીતરે:
તારણ કાઢીયુંરે, આણી દયા જગતની ચિત્તરે.
શાસ્ત્ર સમુદ્રનુંરે, મંથન કરી મહા શ્રમ સાથરે;
આપ્યાં ક્ષેમદારે, જનને અમુલ્ય રત્નો સાતરે.
પ્રથમજ પ્રીતથીરે, રાખી શ્રી કુરેશને સાથરે;
શ્રી ભાષ્યને૧ રચ્યુંરે, જય મંગલહો લક્ષ્મણ તાતરે.
ગદ્ય ત્રય૨ રચ્યુંરે, શ્રીવર આરાધનનો ૩ ક્રમરે;
વેદાંત સારનેરે, ૪ વેદાંત દીપ ૫ લખ્યો લઇ શ્રમરે.
ગીતા ભાષ્યનેરે, ૬ વેદાર્થ સંગ્રહ ૭ રચ્યો મહાનરે;
સાતે ગ્રંથ[૬]માંરે, ભર્યો ખજાનો અમુલ્યવાનરે.
સરવે શાસ્ત્રનોરે, આપ્યો સર્વોતમ સહુ સારરે;
કીધો સર્વદારે, જનપર અકથ અકલ ઉપકારરે.
સહુ આચાર્યનેરે, એ ગ્રંથોનો છે આધારરે;
એછે પગથીયાંરે, જાવા શ્રી વૈકુંઠ મોઝારરે.
ભવ સિંધુ તણીરે, એછે અખંડ ઉત્તમ પાજરે;
જગ સાગર તણુંરે, એ છે અતિ સુખકારી ઝાજરે.
એ આધારથીરે, તરે અસંખ્ય સદા નર નારરે;
એ આધારથીરે, ચાલે શ્રી વૈષ્ણવ સંસારરે.
એ આધારથીરે, વડા વડા ગુંથાયા ગ્રંથરે;
એ આધારથીરે ઝટ પકડાયા જુઠા પંથરે.
જાગીર એ રૂડીરે, ભોગવતાં શ્રી વૈષ્ણવ જનરે;
એથી પામતાંરે, અંતે શ્રી વૈકુંઠ પ્રપન્નરે

એની ઢાલથીરે, તુટે સંપ્રદાય નવ લેશરે;
એ તલવારથી, હારે બીજા ધર્મ હમેશરે.
નવ ખુટે કદીરે, એવી ખરી રત્નની ખાણુરે;
ખરચે લમ વધેરે, એવી એ અપાકૃત લ્હાણુરે.
એના લાભનુંરે, વર્ણન કોથી કર્યું ન જાયરે;
ઉભય વિભુતિનીરે, સાચી કુંચી એજ જણાયરે.
તે સહુ કારણેરે રાખી મુકી જગ મોઝારરે;
જે તે ભોગવેરે, તેનો થાય સુફલ અવતારરે.
અતુલ્ય એ રીતેરે, કીધો જે ગુરૂએ ઉપકારરે;
પ્રણમું તેમનેરે, પુરણ પ્રીતે વારંવારરે.
ગુરૂએ જેમનેરે, ઉલટા જાણ્યા ગુરૂ સમાનરે;
પુત્રો સોંપીયારે, શિષ્ય કરાવ્યા તજી નિજ માનરે.
જે મન્નનાથનીરે, પદવી પામ્યા અતિ મહાનરે;
દુર્લભ મંત્રનુરે, જેણે કીધું ભુરી દાનરે.
જેણે મતનેરે, કીધો જગમાં સ્થીર સ્થાપીતરે;
જેના નામથીરે, ઓળખતાં નર નારી નિત્યરે.
શ્રીરંગે કર્યારે, જેને ઉભય વિભુતિ નાથરે;
પ્રણમું તેમનેરે અનંત નમુંદીન રાતરે.

ગરબી ૧૧ મી.

દિગ્વિજય.

"ઓધવજી છે અળગીરે, વાત એક પ્રેમ તણી." એ દેશી.

ઘણી ખંમાં યતીશ્વરે, શ્રી ઉભય વિભુતિ પતિ;

પાખંડોને ખંડીરે, રચી ભવ્ય ભાષ્યકૃતિ.
જગ જન હીત કાજેરે, અમ્રત એકઠું કરીયું,
સાને ગ્રંથમાં સ્નેહેરે, સંપૂર્ણ તે ભરીયું.
પ્રીતે જગતને પાવારે, પછી ઉરમાં ચહાયું;
દીગ વિજયનું કારજરે, માટે કરમાં સાહ્યું.
ચુમોતેર ગાદીપતિરે, સેવા માંહે સંગે થયા;
સંગે પરમ ઐકાંતિકરે, બાર હજાર રહ્યા.
શિષ્યો શિષ્યના શિષ્યોરે, એવા જન છે ઝાઝા;
ચાલ્યા જન દુઃખ હરવારે, યતિપતિ જગ રાજા.
પહેલા દેશ દક્ષિણનારે, પોતે એકે એક ફર્યા;
ગર્વ ત્યાંના વિદ્વાનોનારે, વિવાદ કરીને હર્યા.
સ્થાપીને નીજ મતનેરે, ઉચીત સ્થલમાં ઉમંગી;
પછી ઉત્તરે આવ્યારે, ગયા કાશમીર લગી.
ત્યાંથી આવ્યા કાશીમાંરે, સભા જીતી ત્યાંની વડી;
જગન્નાથમાં આવ્યારે, ન હરકત કયાંહી નડી.
ત્યાંથી પૂર્વ કાંઠે થઈરે, આવ્યા નિજ દેશ વિષે;
કર્યો વિજય સમસ્તનોરે, જનો માંહે ચારે દીસે.
પાષંડી જન તારારે, રવિ દેખી ગુપ્ત થયા;
ધર્મ ચોર ઉલુક સહુરે ગુફામાં છુપાઈ ગયા.
આવ્યા જે કોઇ લઢવારે, હારીને તે પાછા પડયા;
અંતે ચરણ પ્રતાપેરે, સુમાર્ગે તેજ ચઢયા.
પ્રભુ પંથ જગતનેરે, હસ્તા મલક ભાસ્યો;
સ્વામીનું બળ દેખીરે, કલી ઉરમાં ત્રાસ્યો.

સત યુગ વરતાયોરે, રામાનુંજ મત વિષે;
જન સાત્વીક સરવેરે, જહાં જુઓ ત્યાંજ દીશે.
એવી જડ નિજ મતનીરે, ઉંડી જગમાં ઘાલી;
ચારૂ ખુંટમાં કયાંહીરે, જગ્યા ન રાખી ખાલી.
આદિ શ્રીમંનારણરે, એ મૂળની શાખ વધી,
યામુનાચાર્ય સુધીરે, ફેલી નહીં જગત પ્રતી;
પાંચ ફાંટા તેમાંથીરે, થયા થોડા સમય લગી.
મળ્યા તે શ્રી લક્ષ્મણમાંરે, પાછા આપથી ઉમંગી;
એમ એક યતીશનીરે, શાખાઓ જગતમાં વધી.
ચુમોતેર આચાર્યોરે, શાખા મુખ્ય પુન્યવતી;
તેમાંથી ઉપ શાખારે, ચાલી ચહું દીશ વધતી.
યતિરાજની શ્રષ્ઠિરે, વધી એમ વિશ્વે અતિ;
ચાલી સેંકડો વરશોરે, વધેજ ગઈ સુખદા.
હજી દીન દીન વધશેરે, અમર વેલી એ ઉમદા;
એના વિજયની ખ્યાતીરે, ન કોઇથી છાની છે.
લાખો લોક શ્રી વૈષ્ણવરે, એ જયની નિશાની છે;
જાઓ પૂરવમાંતો, બહુ સ્થળે એજ દીસે.
જાઓ દ્રાવીડમાંતો, દીસે સઘળે અતીશે;
જાઓ બદ્રીનારાયણરે, ત્યાંહાં એનાં માન ઘણાં.
જગન્નાથજી જાઓરે, ત્યાંહાં એનાં સ્થાન ઘણાં;
સંપ્રદાયીક ઉત્સવોરે, વાહન, સ્થાન, વિધીઓ અતિ.
સંપ્રદાયીક પુસ્તકોરે, એ જયની નીશાની બધી;
થાય સરવનું પોષણરે, કલ્પતરૂ ગ્રંથ વડે;

સાતનાજ વિસ્તારમાંરે, લાખો શ્લોકો નજરે પડે.
મૂલ સરવનું સ્વામીરે, સ્વામીજીની દીવ્ય કૃતી;
ઉપકાર છે સહુપરરે, યતીશ્વરનોજ અતી.
એનાથીજ આ જગમાંરે. સેવક છે અજીત થયા;
અંતે એનીજ વગમાંરે શ્રી વૈકુંઠ માંહે ગયા.
મૂળ એજ સરવનેરે સદા સંભાલે છે;
એજ સ્વામી સરવનેરે, અહરનીશ પાલે છે.
આવે આપત્તિ આડીરે, તો સદ્ય એ ટાળે છે;
જાય જો કોઇ આડું રે, તેને પાછું વાળે છે.
આ શ્રી લક્ષ્મીની વાડીરે, શ્રી શેષજી માળી છે;
પોતે માતની સહાયથીરે, ઉછેરીને પાળી છે.
શ્રી આચાર્યો જગતનારે, એ મુલની ડાળી છે;
પોતાની સહુ ડાળનેરે, પોતે સંભાળી છે.
સાચી ડાળને વળગેરે, મૂળે પહોંચાય નકી;
શ્રી નિવાસ ચરણુનેરે, તેથી સાહ્યાં હોંશ થકી.
અંતે મુળમાં પહોંચીશરે, પ્રભુ પદે તે ધરશે;
એ રીતે સ્વામી ઓથથીરે, અનુ ભવજલ તરશે.

ગરબી ૧૨ મી.

પ્રભુને શિષ્ય કર્યા.

" રઘુપતિ રામ હૃદયમાં રહેજોરે " એ દેશી.

વિજય જયશ્રી યતિવર સુખકારીરે,
જેના શિષ્ય થયા શ્રી મુરારીરે; વિજય જયશ્રી. ૮૪.

શ્રી કુરંગ નગર મહા ભારીરે,
જ્યાં પોઢયા છે શ્રીવર અઘ હારીરે;
આવી ત્યાં યતિવરની સ્વારી. વિજય. ૧
આવ્યા દરશન કરવા સ્વામીરે,
નિરખ્યા શ્રીપતિ સુખ ધામીરે;
સંગે સેવકની ઠઠ જામી, વિજય. ૨
સેવામાં છે સંગે સુખ કારરે,
ઐકાંતીક જન બાર હજારરે;
બીજા સેવકોનો નહીં પાર. વિજય. ૩
ચુંમોતેર આચાર્યો છે સાથેરે,
તે બધાના શિષ્યો છે સંગાથેરે;
જોયા એ સહુ લક્ષ્મી નાથે, વિજય. ૪
સૈન્ય દેખી રીઝયા ચક્ર ધારીરે;
માન અધિક વધારવા ધારીરે,
સ્વામી સંગે વધા વાણી પ્યારી. વિજય. ૫
મેતો લીધા ઘણા અવતારરે;
તો એ વશ ન થયા નર નારરે,
તમે કેમ જીત્યો સંસાર. વિજય ૬
કૃષ્ણ રૂપે મને ગોપ જાણ્યોરે,
રામ રૂપે મને નૃપ માન્યો રે;
આવો ભાવ જનોએ ન આણ્યો, વિજય ૭
એવી યુક્તિ તમે કઇ કીધીરે,
બધી શ્રષ્ઠિને વશ કરી લીધીરે;

મને તે સમજાવો સપ્રીતી, વિજય. ૮
ભેદ સમજ્યા ગુરૂ મનમાંહ્યરે,
જાણી બુઝી અજાણ્યા એ થાયરે;
મારૂં માન વધારવા ચાહ્ય, વિજય. ૯
હશી બોલ્યા તેથી ગુરૂ રાયરે,
ભેદ એ ન સહજ સમજાયરે;
શિષ્ય થાય તેને કહેવાય, વિજય. ૧૦
એવી સાંભળી! સ્વામીની વાણીરે,
ઉઠયા આસનેથી ચક્ર પાણીરે;
સામા ઉભા પ્રીતી ઉર આણી, વિજય. ૧૧
દીધા સ્વામીએ પંચ સંસ્કારરે,
કહ્યા મંત્રો પ્રીતે તેણી વારરે;
આ ઉપાય કરૂં ઠારોઠાર, વિજય. ૧૨
શિષ્ય એમ થયા શ્રી મુરારીરે,
માન આપ્યું સ્વામીજીને ભારીરે;
રથ માંહે કઢાવીસવારી, વિજય ૧૩
લોકે વાત ત્યારે બધી જાણીરે,
સ્વામી પદમાં પ્રીતી વધુ આણીરે;
સ્વામી શિષ્ય બેઉને વખાણી, વિજય. ૧૪
એજ નામ હજી પ્રભુ રાખેરે,
જન નંબી નારાયણ ભાખેરે;
અનુ ધન્ય મેં નીરખ્યા આંખે, વિજય. ૧૫

ગરબી ૧૩ મી.

વ્યંકટનાથને શંખ ચક્ર આપવાં તથા શ્રી પરણાવવાં

"બલીહારીરે સુંદર શ્યામ તમારા લટકાને "–એ દેશી.

શ્રી નિવાસના ગુરૂરાય, જયજય મંગલહો;
શ્રી તાત લાગું છઉં પાય, જયજય મંગલહો. ટેક.
વ્યંકટ ગિરીવર ઉપર વસતા, શ્રી નિવાસ સુખકારીરે;
સરવ સેવતા સમાન ભાવે, દેવ પોતાના ધારી. જય.
જોર વધ્યું અદ્વૈત જનોનું, ગિરીવર ઉપર આવ્યારે;
કાર્તીક સ્વામી સિદ્ધ ઠરાવી, વૈષ્ણવને ધભરાવ્યા. જય.
શૈવ અને શ્રી વૈષ્ણવ વચ્ચે, જબરો ઝગડો જાગ્યોરે;
યતિરાજે ત્યાં જાતે આવી, કલેશ સદાનો ભાગ્યો. જય.
સહુને યુક્તિથી સમજાવ્યા, નિર્ણય નકી કરીએરે;
ન્યાય કરાવી એજ દેવથી, કલેશ વૃથા પરહરીએ. જય.
સ્કંદ તણાંને શ્રી નિવાસનાં, આયુધ ધરીએ પાસેરે;
હશે આપ જે સ્વરૂપ, તેવાં આયુધ કરમાં સહાશે. જય.
વાત. ઉતરી સહુના મનમાં, આયુધ ઝટ મંગાવ્યાંરે;
શંખ સુદર્શન ત્રિશુલ ડમરૂ, પદ પાસે પધરાવ્યાં. જય.
એ રીતે આયુધ મુકીને, મંદીર બધું તપાસીરે;
બંધ કરી બારણાં બેઉએ, બેઠા બહાર વિમાસી. જય.

અવધી એક રાતની રાખી, ચોકી બેઉ કરે છેરે;
સહુએ સોચે દેવ હવે એ, આયુધ કીયાં ધરે છે. જય.
યતિરાજે નિજ દીવ્ય દૃષ્ટિએ, જોયું રાતે જ્યારેરે;
પદ પાસે આયુધ પડેલાં; પોતે દીઠાં ત્યારે. જય.
શેષ સ્વરૂપ ધરીને પેઠા નિજ મંદીરમાં જાતેરે;
મુર્ખ શૈવ માયાના ઘેર્યા, શું જાણે મહીમા તે. જય.
કર જોડી વિનવ્યા શ્રી વરને, રાખો લાજ અમારીરે;
શ્રી નિવાસ થાઓ જગમાં જાહેર, શંખ ચક્ર કર ધારી. જય.
હશી વધા તવ શ્રીવર સ્નેહે. સહુને તમેજ ધોાછો રે;
મુજને મારે હાથે લેવા, આગ્રહ કેમ કરોછોરે. જય.
શ્રીવરની આજ્ઞા શીર ધારી, ગુરૂએ આયુધ દીધાંરે;
શિષ્ય બની શ્રીવરે કરમાં, સ્નેહે ધારણ કીધાં. જય.
ચરણ કમલ વંદીને ત્યારે, આવ્યા યતીશ બહારરે;
સહુ સંગાથે સુખથી સુતા, એવે થયું સવાર. જય.
ઉઠી સરવે સંગે સ્નેહે, શુદ્ધિકાજ સિધાવ્યારે;
ન્હાઇ ધોઇ જન બેઉ પક્ષના, દ્વાર સમીપે આવ્યા. જય.
આતુર ઉરથી સહુએ સંગે, જેવાં ખોલ્યાં દ્વારરે;
તેવાં દરશન કરવા ધાયા, દેવ ભણી નર નાર. જય.
ત્રિશુલ ડમરૂ દૂર પડયાંને, શંખ ચક્ર છે હાથેરે;
વિજય કર્યો શ્રી વૈષ્ણવ જનનો, યતિવરને શ્રી નાથે. જય.
તેજ દેખીને શૈવો કંપ્યા, નાઠા મંદીર છોડીરે;
છતા થયા શ્રીનિવાસ સ્વામી, સહુના સંશય તોડી. જય.
શ્રીજીને નિજ સુતા ગણીને, પ્રભુ સાથે પરણાવ્યાંરે;

શ્રી નિવાસના વક્ષ સ્થલમાં પ્રીતીથી પધરાવ્યાં. જય.
પ્રસિદ્ધ કીધા એમ જગતમાં, શ્રીવર વ્યંકટ નાથરે;
શ્રીવૈષ્ણવની લાજ વધારી, સદા કર્યાં રળીઆત. જય.
„જેને કીધા ગુરૂ પ્રભુએ, શ્રીએ કીધા બાપરે;
અનુએ તેને માલીક કીધા, તાતાચાર્ય પ્રતાપ. જય.

ગરબી ૧૪ મી.

શ્રી ભાષ્યકાર પદ શ્રારણ.

"ઓરો આવને સલુણા પ્રભુ સાંભળાજો" એ દેશી
વારવાર નમું સ્વામી ભાષ્યકારને જો,
મુનિ લક્ષ્મણાર્ય શેષ અવતારનેજો, વારવાર. ટેક.
વળી વિજય કર્યો ફરીને બધે દીશેજો.
વધી ખ્યાત વધુ કાશમીરને વીશેજો, વાર ૧
શારદા મઠમાં સ્વામી પધાર્યા જદાજો.
સામી લેવા આવી દેવી શારદા તદાજો. વાર ૨
શ્રુતિ અર્થ પુછયો ભાષ્યકાર જાણીનેજો,
કર્યો ખુલાસો ગુરૂએ પ્રીત આણીનેજો. વાર ૩
અર્થ સાંભળી પ્રસંન શારદ થઇજો,
ભાષ્ય મગાવી શીરે ધરી વદી તહીંજો, વાર ૪
શ્રુતિ અર્થ સુણ્યા સત્ય આજ આપથીજો.
મોહી રહી દીવ્ય શક્તિના પ્રતાપથીજો, વાર ૫

શાસ્ત્ર માત્રને વ્યવસ્થીત તમે કર્યાંજો.
દીધાં દુષણો બીજાએ તે બધાં હર્યાંજો, વાર ૬
ભાષ્ય સત્ય એક આજ જણાયું મનેજો.
ભાષ્યકાર માત્ર ગણું છઉં આપનેજો. વાર ૭
બીજા ભાષ્ય ભાષ્યકાર માત્ર નામનાજો,
તમે પુરી ભાષ્યકાર મારી કામનાજો. વાર ૮
દોષશંકરે દીધા તે બધા ટાળવાજો,
પધાર્યા શ્રી ભાષ્યકાર મને પાળવાજો. વાર ૯
કર્યાં એ રીતે વખાણ ગુરૂનાં અતિજો,
વખાણી ફરી ફરી શ્રી ભાષ્યની કૃતિજો. વાર ૧૦
હય ગ્રીવ હરિ સેવવા દીધા વળીજો,
દીધી સુ આશીષ સ્વામીને લળી લળીજો. વાર ૧૧
ત્યારથી શ્રી ભાષ્ય નામ ભાષ્યનું થયુંજો,
ભાષ્યકાર નામ સ્વામીએ સુખે ગ્રહ્યુંજો. વાર ૧૨
વાત સુણી દેશ પંડીતોએ આણીઓજો,
યતિરાજનો પ્રભાવ નવ જાણીઓજો. વાર ૧૩
સહુએ મળી વિવાદ સ્વામીથી કર્યોજો,
હાર્યા સર્વ ગર્વ દીવ્ય જ્ઞાનથી હર્યોજો. વાર ૧૪
તેથી દ્વેશ વધ્યો દ્વેશીને ચિત્તે અતિજો,
અભિચાર કર્યા બહુજ સ્વામીની પ્રતિજો. વાર ૧૫
અભિચાર યતિરાજ પાસશું કરે જો,
દેવદેવી સર્વ શેષથી સદા ડરેજો. વાર ૧૬
અભિચાર વળ્યા કરનારની પ્રાતજો,

નડી દેશો જનોને તેમની કૃતિજો. વાર ૧૭
નગ્ન બની નર્ક સુંથતા બધા થયાજો,
વડા પંડિતો વિમુઢ એમ થઈ ગયાજો, વાર ૧૮
સુણી ખ્યાત ભુપ વિસ્મય ચિત્તે થયોજો.
આવ્યો સ્વામી પાસ દર્શને ગળી ગયોજો. વાર ૧૯
થયો શિષ્ય ભાષ્યકારનો પ્રીતિ ધરીજો,
પડી ચરણુ માંહે કરગરી સ્તુતી કરીજે, વાર ૨૦
દોષ એ મુરખોના ન ચિત્તમાં ધરોજો,
કૃતિએ વિસરી ક્ષમા હવે તો કરોજો. વાર. ૨૧
સ્વામી કૃપા થતાં આવી શુદ્ધ સર્વનેજો,
થયા ચરણ શરણ છેક તજ્યો ગર્વનેજો. વાર. ૨૨
સુણી વડો વિજય આવ્યાં જનો શરણમાંજો
સુખી થયાં અતિયતિરાજ ચરણમાંજે. વાર. ૨૩
દેશોદેશ વિજય વિજય એ રીતે થયોજો,
અનુ નાથનો મહીમા ન જાએ કહયોજો. વાર. ૨૪

ગરબી ૧૫ મી.

"સાંભલરે તું સજનીમારી" એ દેશી.

બૌદ્ધમત સંહાર, શેષ સ્વરૂપ ધારણ.

જય જય લક્ષ્મણાર્ય યતીશ્વર, શ્રી રામાનુજ સ્વામીરે;

જાહેર આપ જણાયા જગમાં, શેષ રૂપ ગુણ ગ્રામીરે. જય
ચાર્વાકોને ચુપ કીધાને, એદ્ધૈતોને હરાવ્યારે;
માયા વાદીના મદ મોડયા, ભલે ભૂમીપર આવ્યારે. જય.
વારો આવ્યો હવે બૌદ્ધનો, મહીસુર મોઝારરે;
રાજા પ્રજા સરવ એ મતમાં, ડુબ્યાં નરને નાર. જય.
એવું જાણી કરૂણા આગી, ત્યાં લેઈ ચાલ્યા સ્વારીરે; '
રાજધાની આગળ જઈ ઉતર્યા, જય જગ જન હીતકારી. જય
નૃપની પુત્રીને વળગ્યું હતું, ભુત તદા કોઈ ભારીરે;
બૌધ્ધો ત્યાં આવ્યા અનેક પણ, કષ્ઠ ન શકયાની વારી; જય.
પ્રીતીથી નિજ બૌદ્ધ ગુરૂને, નૃપે નિમંત્રણ દીધું રે;
તે ન સ્વીકાર્યું ને ઉલટું, અપમાન ભૂપનું કીધું. જય.
ક્રોધે ભૂપ ભરાયો તેથી, તજ્યો બૌદ્ધનો સંગરે;
ખ્યાત સુણી યતિવરને ચરણે, વળગ્યો ધરી ઉમંગ. જય.
ભાવ જોઇને શ્રી ભાષ્યકારે, ભૂત તીર્થ દઈ કહાડયું રે;
સંપ્રદાયનું મહાત્મ્ય સંધુ, કરૂણાથી દેખાડયું. જય.
કૃપા પ્રતાપે નૃપને રાણી, શિષ્ય થયાં સ્વામીનારે;
નિર્ભય થયાં ચરણને શરણે, બૌધ્ધોથી નવ બીનારે. જય.
જાણી વાત બૌધ જન કોપ્યા, થયા એકઠા સર્વરે;
લઢવા આવ્યા ભાષ્યકારથી, આણી ઉરમાં ગર્વ. જય.
દશ હજાર જન જબરા પંડીત, કહેવા લાગ્યા એમરે;
અમને જીત્યા વિના ભુપને, સ્વશિષ્ય કીધો કેમ. જય.
સ્વામી વધા હજી પણ આવો, કરીએ સુખે વિવાદરે;
એક એક આવો લઢવા, મને નથી કાંઈ બાધ. જય.

ફેરી બોલ્યા એકે વખતે, વિવાદ સરવે કરશું રે;
સૌને ઉત્તર દેવા પડશે, નહીં તો થાશે નરસું. જય
રાજા પણ ધભરાયો મનમાં. દશ હજાર જન સાથરે;
કેમ, કરીને એકે વખતે, કરી શકાય વિવાદ. જય.
સ્વામી એ નૃપને ધીરજ દછે, સત્વર સભા કરાવીરે;
દશ હજાર પંડીતો મદોન્મત, લઢવા બેઠા આવી. જય.
સ્વામીએ પડદો બંધાવી, આસન ખાસ કરાવ્યું રે;
ત્યાં એકલા બેશી બૌદ્ધને, વિવાદ કરવા કહાવ્યું રે. જય.
દશ હજાર જન સાથે બોલ્યા, શોર થયો મહા ભારીરે;
એકે પ્રશ્ન કોઇ નવ સમજયું, ધભરાયાં નર નારી. જય.
પ્રશ્ન પુછાઈ રહ્યા કે સત્વર, પ્રત્યુત્તરો સુણાયારે;
દશ હજાર જન હોય બોલતા, એવા સાદ જણાયા. જય.
દશે હજાર પ્રશ્નના ઉત્તર, જોઇએ તેવા દીધારે;
થોડા બીજા પ્રશ્નોત્તરમાં, ચુપ સરવેને કીધા. જય.
એજ વિચાર કરે સહુ મનમાં, સ્વામી તો છે એકરે;
તો પણ ઉત્તર પડદમાંથી, આવે કેમ અનેક. જય.
રાજાથી તો નવ રહેવાયું, પડદો ખોલી જોયું રે;
શેષ સહસ્ત્ર ફણા વીલોકતાં, સરવેનું મન મોહ્યું. જય
શ્રો વૈષ્ણવ જન દર્શન કરતાં, પામ્યા હર્ષ અપારરે;
શ્રીમત શેષ તણો સહુ બોલ્યા, પ્રેમે જય જયકાર. જય.
બૌદ્ધોને વિકાલ સ્વરૂપે, તવ દેખાયા સ્વામીરે;
જીવ લેઈ હારીને નાઠા, ત્રાસ અતિશય પામી. જય.
બૌદ્ધ માત્ર સ્વામીના ડરથી, તજી ગયા એ દેશરે;

યતિરાજે નિજ સ્વરૂપ ધાર્યું, ચરણે પડ્યો નરેશ. જય.
પ્રજા માત્ર આ પ્રતાપ દેખી, ચરણ શરણમાં આવીરે:
શ્રી વૈષ્ણવ થઈ ગયાં સરવકો, સાચી શ્રદ્ધા લાવી જય.
એ રીતે બૌદ્ધને વિખેર્યા, કષ્ટ દેશનું કાપીરે;
પરંપરા શ્રી વૈષ્ણવ પદવી, સરવ જનોને આપી. જય.
હજી એજ ભોગવ્યાં જાય છે, સહુકો ત્યાંના જનનરે;
યતિરાજના વિજય ચિન્હ સમ, દીપે દેશ પ્રપંન. જય.
એજ વિજય સાચો ગણાય જે સદા સર્વદા ચાલેરે;
અનુપતીના પ્રતાપથી ત્યાં, સહુ શ્રી વૈષ્ણવ મ્હાલે. જય.

ગરબી ૧૬ મી.

બદ્રીનારાયણનું પ્રાકટ્ય

" કહો સખી કારતક કેમ જાશે " એ રાગની.

વિજય જય લક્ષ્મણાચાર્ય પતિ,
વિજય કર્યો સંપ્રદાયનો અતિ;
વિજય કર્યો પ્રભુનો જગતપતિ,
વિજય હો રામાનુજ સ્વામી. ટેક.
નદી સુર કેરી શુધ લીધી, પ્રજાને પોતાની કીધી;
શ્રી વૈષ્ણવની પદવી દીધી. વિજય. ૧
ઉપર ભાવ અતિ આણી, દાસ પોતાનો પ્રિય જાણી;

રહ્યા ત્યાં બહુ ત્રિદંડ પાણી. વિજય. ૨
તિલક મૃતિકા થઇ રહી ત્યાંહી, દેશમાં મળી નહીં ક્યાંહી;
પ્રકટ થઈ ચિંતા ચિત્ત માંહી. વિજય. ૩
શ્રીનારાયણ ચક્ર પાણી, સ્વપ્નમાં પ્રકટયા પ્રીય જાણી;
વદ્યા યતિવર સાથે વાણીરે. વિજય. ૪
યદુગિરી પાસે છે ભારી, ત્યાંહાં મૃતિકા મસ છે સારી;
છઉ હું પણ વિગ્રહ ધારી. વિજય. ૫
જાગી યતિરાજ પ્રસંન થયા, વૃતાંત નૃપતિને સર્વ કહ્યા;
સઘ સહુ યદુગીરી પાસ ગયા. વિજય. ૬
નૃપતિએ હુકમ સઘ દીધો, ઉપર ચઢવા માટે સીધો;
કપાવી વન મારગ કીધોરે. વિજય. ૭
યતીશ્વર નૃપતિની સંગે, ઉપર આવ્યા અતિ ઉછરંગે;
હરખ ન સમાએ નિજ અંગે. વિજય. ૮
વેદ પુષ્કરણીમાં ન્હાયા, યતીવર ચિતમાં મુંઝાયા;
ખોળવા કયાં હવે જગ રાયા. વિજય. ૯
સુતા ઉર એજ વિચાર કરી, સ્વપ્નમાં પ્રકટયા હરી ફરી;
શોચ ટાળ્યો મુખથી ઉચરી. વિજય. ૧૦
ધુંચવણી હૃદય તણી કહાડી, સારી રીતે સમજણ પાડી;
નીશાની સરવે દેખાડી. વિજય. ૧૧
જાગી યતીરાજ પ્રસંન થયા, પ્રથમ મૃતિકાને સ્થાન ગયા;
સરવ જન ઉર આતુર રહ્યા. વિજય. ૧૨
ત્રિદંડ વડે ખોદયું જેવું, દ્રવ્ય શુભ્રશ્વેત જડયું તેવું;
કદી નહોતું દીઠું એવું. વિજય. ૧૩

મૃતિકાશ્વેત દ્વીપ તણી, અહીં લાવ્યા શ્રી પંખી ધણી;
અખુટ અદભુત પવિત્ર ઘણી. વિજય. ૧૪
મૃતિકા ભલક ઘણી દેતી, સુગંધીમય શોભી રહેતી;
પુંડ્ર કીધાં સહુએ તેથી. વિજય. ૧૫
પછી આવ્યા પ્રભુને સ્થાને, આવીને ઉભા આનુમાને;
નીશાની સહુ લીધી ધ્યાને. વિજય. ૧૬
કર્યો અભીષેક તહાં જ્યારે, ગળી ગઇ મૃતિકા સહુ ત્યારે;
તેજ નીકળ્યું અદભુત ભારે. વિજય. ૧૭
તેજ નીધિ સત્વર દેખાયા, બદ્રીનારાયણ જગરાયા;
સહુ દરશન કરવા ધાયા. વિજય. ૧૮
દુંદુભી નભ માંહે ગાજ્યાં ભુપર વાગ્યાં વિધવિધવાજાં;
પુષ્પ વરસ્યાં પ્રભુ પરતાજાં. વિજય. ૧૯
સહસ્ત્ર વરસ શકનાં જાતાં પુષ્પ શુદ ચતુરદશી થતાં;
દેખી પ્રભુ સુખજન મલકાતાં. વિજય ૨૦
નમી ગુરૂએ વારે, દુગ્ધ અભિષેક કર્યો ભારે;
ત્રણ દીન સેવ્યા અતી પ્યારે. વિજય. ૨૧
કરાવી સ્વચ્છ જગ્યા સારી, બનાવ્યાં સ્થાનક ત્યાં ભારી;
વસાવ્યાં તેમાં નર નારી. વિજય. ૨૨
મધ્યમાં પ્રભુ મંદીર કીધું, નગર ધન ધાન્ય થકી ભરીયું;
નામ નારાયણ પુર ધરીયું. વિજય. ૨૩
રચ્યાં ગોપુર પ્રાકાર ઘણા, દીવ્ય વૈકુંઠ સમાન બણ્યા;
ન રાખી કોઇ રીતેજ મણા. વિજય. ૨૪
સુજા ક્રમ પાંચ રાત્ર રીતે, રખાવ્યો શ્રી ગુરૂએ પ્રીતે;

થાય છે એજ રીતે નિત્યે. વિજય. ૨૫
ધામ એ સરવ થકી સારૂં, ધામ ગુરૂને અતિશય પ્યારૂં;
વાસીને વૈકુંઠ દેનારૂં. વિજય. ૨૬
પ્રભુ પણ તેવા ચિત્ત હારી ચતુરભુજ શંખચક્રધારી;
બદ્રી નારાયણ સુખકારી. વિજય. ૨૭
સ્વામીએ સુખ સહુને દીધું, ધામ અતિ દીવ્ય સ્થીર કીધું;
અનુએ પણ એ સુખ લીધું. વિજય. ૨૮

ગરબી ૧૭ મી

સંપત કુમારનું પ્રાકટ્ય બીબીનું અંતર ધ્યાન થવું.

"તારૂં ગોકુલ જોવાને આવરે. મથુરાંના વાસી" એ રાગ

સંપત કુમાર સુખરૂપરે, જય જય શ્રી સ્વામી;
શ્રી શૈલ પૈલ્ય જગ ભુપરે, પ્રણમું શીર નામી. ટેક.
શ્રી બદ્રી નારાયણારે, યાદવ ગિરિનાં નાથ;
સ્વપ્નામાં યતિ રાજને, પ્રત્યક્ષ થયા સાક્ષાતરે. જય ૧
ઉચર્યા શ્રી મુખથી હરિરે, "રામપ્રિય" મુજરૂપ;
અહીં આવીને લઈ ગયો, છે યવન દીલ્હીનો ભૂપરે જય
શ્રમ લઇને તે શેષજીરે, લઈ આવો આ સ્થાન;
ઉત્સવવિગ્રહ દીવ્ય છે એ, અમોઘ કાંતી માનરે. જય
સ્વપ્નેથી જાગ્યા ગુરૂરે, ઉરમાં થયા પ્રસંન:
"રામપ્રિય" ને લાવવા, આતુરતા ઉપજી મનરે. જય

તૈયારી ગુરૂએ કરીરે, દીલ્લી જાવા કાજ,
સાથે સોંડયો ભૂપતિ, સેનાને શિષ્ય સમાજરે. જય
ઠાઠ પાઠથી સ્વામીજીરે, ચાલ્યા ધરી ઉલ્લાસ;
રસ્તો કાપી ઝડપથી, આવ્યા દીલ્લીની પાસરે. જય
નૃપતિને જાહેર થયુરે, આવી સેના મહાન;
ખબર કાઢવા મોકલ્યા, નિજ સેવકને તે સ્થાનરે. જય
સ્વામી પાસે આવીયારે, એ નૃપતિના દાસ;
સમાચાર જાણી લીધા, નૃપને તે કર્યા પ્રકાશરે. જય
બોલાવ્યા અતિ માનથીરે ભૂપે શ્રી ભાષ્યકાર;
દેખાડયો અતિ ભાવથી, સહુ મુર્તિનો ભંડારરે. જય
તેમાં તો દીઠા નહીંરે, "રામપ્રિય" ભગવાન;
જડયા નહિ મન મોહના, શોધી થાકયા સહુ સ્થાનરે જય
નૃપ દુહિતાના મ્હેલમાંરે, રહેતા હતા શ્રી નાથ;
સ્વામી જાણી સેવતીએ બાલા દિનને રાતરે જય
ન સાંભર્યું એ કોઈનેરે, ધભરાયો સૌ સાથ;
આગ્રહ તજયોન સ્વામીએ માગ્યા કીધા નીજ નાથરે જય
કાયર થઇ ભુપે કહ્યુંરે, છે જો સત્યજ વાત;
તો બોલાવી લ્યો તમે શીદ કરો વ્રથા પંચાતરે. જય
સ્વામીએ શ્રી કંથનેરે કરી -હૃદયમાં યાદ;
ત્રૈણવાર પોકારીને, દીધા શ્રીવરને સાદરે. જય
ઝટ દુહીતાના મ્હેલથીરે, નીકળ્યા લક્ષ્મીનાથ;
ચલપલ ચાલી આવીયા, ઝુમ રૂમઝુમ ભરતા પાદરે. જય
સભા સરવ જોતી રહીરે, ચાલ્યા આવ્યા આપ;

આવી બેઠા ગોદમાં, જ્યમ પુત્ર ઓળખે બાપરે. જય.
ગદગદ થઇ સ્વામી વદયારે, ચાંપી હ્દયા સાથ;
એજ મુજ સત્ય સંપતી, પામ્યો આજે ભલી ભાતરે. જય.
સંપત કુમાર ત્યારથીરે, પડયું પ્રભુનું નામ;
ચલપલ રાય થયાવળી, ચલપલ ચાલી તે ઠામરે. જય.
સરવ નમ્યા ગુરૂ પાદમાંરે, વરત્યો જયજયકાર;
સત્ય દેવ એને ગુરૂ, સાચા એ શ્રી ભાષ્યકાર. જય.
ગુરૂ લઈ આવ્યા ઠાઠથીરે, શ્રીવરને નિજ સ્થાન;
શ્રી વૈષ્ણવ હરખ્યા અતિ ફરી ફરી નીરખી ભગવાનરે. જય.
નૃપ દુહીતા જાગી તહાંરે, નવ દીઠા નિજ નાથ;
શોધ્યા તવ જાણ્યું ગયા, એતો સ્વાગીની સાથરે. જય.
ધભરાણી બાલા અતિરે, માંડયો મહા કલ્પાંત;
સહુએ સમજાવી બહુ, પણ કયમે થાય નહીં શાંતરે. જય
માને નહીં કોઈ રીતેરે, બોલે એકજ વાણ;
નહીં આવે મુજનાથ એતો નકી પાડીશ પ્રાણરે. જય
કાયર થઈ તવ ભુપતિરે, આવ્યો સ્વામી પાસ,
સમજાવ્યા વિનંતી કરી, નકરો મુજ સુતા નીરાશરે જય
દેવા લાગ્યો સમૃદ્ધિરે, દેવા લાગ્યો ગ્રામ;
શામદામ ભેદો કર્યા પણ, કશું ન આવ્યું કામરે. જય
પ્રતાપ જોઈ ડરી ગયોરે, કરી શકયો નહીં જોર;
પુત્રી પણ બોલેજ એ, લાવો મારા ચિત્તનો ચોરરે. જય.
થાકયો નૃપતિ બેઉથીરે, છેલ્લો કર્યો ઉપાય;
સમજે દુહીતા ત્યાં સુધી, એ વિગ્રહ સાથે જાયરે. જય

દુહીતા અતિ આનંદથીરે, બેઠી શ્રીવર સાથ;
સંગે ભુપે મોકલ્યો નિજકુમાર રક્ષણ માટરે. જય

નારાયણપુરની સમીપરે, આવ્યા જ્યાં ભગવાન;
નૃપ દુહીતા પ્રભુ ચરણમાં ત્યાં થઇ ગઇ અંતર ધ્યાનરે

લક્ષ્મી અંશ ગણીતદારે, સ્વામીએ વિધિસાથ;
વિગ્રહમય બીબી ધર્યા, શ્રીવર ચરણે ભલી ભાતરે જય

ભુપતનુજને એ થકીરે, લાગ્યો બોધ અપાર;
આણી ભાવ નમી પડ્યો, યતિવરના પદ મોઝારરે જય

તેનું પણ રક્ષણ કર્યુંરે, અંતે કર્યો નીહાલ,
એવા લક્ષ્મણ આર્ય શ્રી, છે જગજનના પ્રતિપાલરે. જય

ધુમધામથી આવીયારે, યદુગિરિપર યતિનાથ:
શુભ દિવસે પધરાવીયા, પ્રભુને થઇ અતિ રળીયાતરે. જય

અચલ રૂપનારાયણારે, ઉત્સવ વિગ્રહ આપ,
ધામ થયું કલિમાં વડું, શ્રી લક્ષ્મણાર્ય પ્રતાપરે. જય

વાસ કરી જે ત્યાં વસે તે, પામે શ્રી વરધામ;
એવું ભુમીપર કર્યું, સ્વામીએ અદભૂત ઠામરે. જય

અસંખ્ય જન અઘ બાળતાંરે, પામે સુખો અમાપ,
એ સઘળું કરૂણાનિધિ શ્રી લક્ષ્મણઆર્ય પ્રતાપરે. જય

અનુ એનાજ પ્રતાપથીરે, જઇ આવ્યો બેવાર;
નીરખ્યા વૈરમુડી સહીત, શ્રીયદુગિરિ સરકારરે. જય

ગરબી ૧૮ મી.

"ધન્ય ધન્ય કાવેરી માવડી" એ રાગ.

(કૃમી કણ્ઠનો નાશ.)

જય મંગળહો યતિરાજનો,
જય મંગળહો એના કાજનો;
જયહો એની સર્વ સમાજનો. જય મંગલ. ૧
ચોલ દેશ શ્રીદ્રાવીડ માંહે છે,
ધામ શ્રી રંગજીતણું ત્યાંહ છે;
દીવ્ય દેશ બીજા ત્યાં ઘણાય છે. જય મંગલહો ૨
ત્યાંનો ભૂપ થયો એક દુર્મતી.
ઘોર શૈવ જેની છે કુડી કૃતિ;
તેણે વૈષ્ણવ દ્વેશ કીધો અતિ. જય મંગલહો ૩
ઘણી પીડા શ્રી વૈષ્ણવોને કરી,
લીધું તેમનું દ્રવ્ય બધું હરી;
જાણે પ્રકટયો હિરણ્ય કસ્યપુ ફરી. જય મંગલહો ૪
સ્યામ દામ ભેદ અને દંડથી,
વશ કીધા વિદ્વાનો પાખંડથી;
ડર્યા સરવ એ દુષ્ઠ પ્રચંડથી. જય મંગલહો ૫
સંપ્રદાયને વિઘ્ન ઘણાં કર્યાં,
તોએ વૈષ્ણવતો તેથી નવ ડર્યાં;
કોઇએ નિજ મત થકી નવ ફર્યાં. જય મંગલહો ૬

ત્યારે દ્વેશ અસુરને વધ્યો ઘણો,
સ્વામીજીને પકડવા આતુર બણ્યો;
કુપ પડવાને હાથે કરી ખણ્યો. જય મંગલહો ૭
દુત પાશે આવ્યા ને જોતા રહ્યા,
ક્ષેમ કુશલે સ્વામીજી ચાલ્યા ગયા;
મંત્ર આગળ નીરબળ થઈ રહ્યા. જય મંગલહો ૮
કેમે સ્વામી આવ્યા નહીં હાથમાં,
થયો છેક નિરાશ એ વાતમાં;
ત્યારે વૃદ્ધિ કરી ઉતપાતમાં. જય મંગલહો ૯
ભારે વાદ કર્યો શ્રી કુરેશથી,
તેમાં હારી ગયો એ અસુરમતિ;
ત્યારે કષ્ટ દીધું તેમને અતિ, જય મંગલહો. ૧૦
તોએ વૈષ્ણવ મત તો વધે ગયો,
લાભ નિજ મતનો ન કશો થયો;
ત્યારે દુષ્ટે અઘોર રસ્તો ગ્રહ્યો. જય મંગલહો. ૧૧
વિઘ્ન વૈષ્ણવ મતને પમાડવા,
લાગ્યો વિશ્નુનાં મંદીર પાડવા;
લાગ્યો વિશ્નુ વિગ્રહને ઉખાડવા, જય મંગલહો ૧૨
મુખ્ય ધામ શ્રીરંગજીની ભણી,
ચાલ્યો દુષ્ઠ કરી કુમતી ઘણી,
ત્રાહી ! ત્રાહી !! પ્રજા તો ત્યારે ભણી. જય. ૧૩
સ્વામીજીએ સુણીને એ વાતને,
સ્તુતી અંતે કરી લક્ષ્મીનાથને;

ક્ષમા ધારવી એ ક્યાં સુધી બને. જય મંગલહો ૧૪
સ્વામીને વશ છે સદા શ્રી પતિ,
સ્તુતિ સઘ કરી -હદીયા પ્રતિ;
દુષ્ઠ હણવા કીધી અદભુત કૃતિ. જય મંગલહો. ૧૫
જેવો રગજી તરફ એ નિસર્યો,
તેવો રોગ પ્રભુએ તેને કર્યો;
તોએ કાજે ધૈર્યા ન પાછો ફર્યો. જય મંગલહો. ૧૬
ત્યારે રાતમાં રોગ વધી ગયો,
ગળામાં વિચિત્ર ગાંઠો થયો;
રસ નર્ક તુલ્ય તેમાંથી વહયો. જય મંગલહો. ૧૭
પડયા કીડા ગળામાં અતિ ઘણા,
નર્કના દુઃખમાં ન રહી મણા;
ફાંફાં મારી લાચાર વૈદ્યો બણ્યા. જય મંગલહો ૧૮
અંતે દુષ્ઠ મતિ નવ ફાવીયો,
અંત રીબતાં રીબતાં આવીયો;
ઘોર નરકમાં પ્રભુએ ઝુકાવીયો. જય મંગલહો. ૧૯
દુષ્ઠ કષ્ઠ પામીને ચાલ્યો ગયો,
સ્વામીજીએ ધાર્યું કે વિજય થયો;
સંપ્રદાય સદૈવ ટકી રહયો. જય મંગલહો. ૨૦
નામ દુષ્ઠનું નાશ પામી ગયું,
કંઠે કીડા પડીને મ્રત્યુ થયું;
કમી કંઠ એ નામ તેથી રહ્યું. જય મંગલહો. ૨૧
ફરી, ધામ પ્રભુ તણાં સ્થાપીયાં,

ફરી દ્રવ્ય પ્રપન્નોને આપીયાં;
એમ સ્વામીએ સંકટ કાપીયાં. જય મંગલહો. ૨૨
ક્રમી કંઠના નાશકારી તણું,
નામ જેમનું ખ્યાતિ પામ્યું ઘણું;
ધાર્યું તેમનું અનુએ ધણીપણું. જય મંગલહો. ૨૩

ગરબી ૧૯ માં.

ગોપીને મુક્તિ.

" સમજી ગઇછું વાલીડા તારી સાનમાંરે " એ રાગ.
જયજય લક્ષ્મણ મુનિ કૃપાળા દ્વય વિભુતિ પતિરે,
આપ સમું નવ કોઇ થશે કે કોઈ થયું નથીરે. ટેક.
એક સમયશ્રી શૈલ્યગિરિપર, સુખે સેવવાને લક્ષ્મીવર,
શિષ્ય સહીત પધાર્યા સ્વામી મહા મતિરે. જય ૧
ગોપી એક દહી દેનારી શ્રી વૈષ્ણવ થઇ પ્રીતીધારી,
સેવા કરતી સ્વામીજીની સ્નેહથીરે. જય ૨
વગર દ્રવ્યથી દહીં બહુ દીધું લેણું એમ એકઠું કીધું,
ત્યારે તો કોઈ નવ સમજ્યું તેની કૃતિરે. જય ૩
સ્વામીએ બહુ દીનની પુંઠે, પૂછ્યું તારૂ ચઢેલ શું છે ?
મુલ ચુકાવી દેવાની કીધીમતિરે. જયજય ૪
બોલી ગોપી તવ કરજોડી, દ્રવ્ય હું નથી ચ્હાતી કોડી;
આપો મને શ્રી વૈકુંઠ દહીની વતીરે, જયજય ૫
ઉભયવિભુતિ નાથ ગણાયા, સાચા ત્રાતા આપ જણાયા

તેથી મેં આશા ધારી છે ઉર પ્રતીરે, જયજય. ૬
દહી મારૂ આપે લીધું છે. લેણું મેં મ્હારૂં કીધું છે;
બદલામાં હું બીજું લેવાની નથી રે, જયજય. ૭
એવી મુખથી બોલી વાણી, પડી ચરણુમાં પ્રીતી આણી.
કીધી દ્રઢતાથી આરત શરણાગતિરે. જયજય ૮
નિશ્ચય જોઇ રીઝ્યા યતિવરશ્રી, પત્ર લખી દીધો નિજ કરથી;
કૃપા કરી ગોપીની ઉપરતો અતિરે. જયજય ૯
ગોપી સત્વર ચાલી ત્યાંથી, સ્નાન કરી પુષ્કરણીમાંથી;
પુન્ડ્ર કરી આવી મંદીરમાં મ્હાલતીરે. જયજય ૧૦
પ્રદક્ષીણા મંદીરની કીધી, પ્રણમી ઉરમાં ધરી પ્રતીતી;
સ્હામી આવી ઉભી આતુર ચિત્તથીરે જયજય ૧૧
પત્ર શ્રીપતિ સામો નાખી સુતી સાંમી આશા રાખી,
તેવી તેની ધન્ય થઇ ઉત્તમ ગતિરે. જયજય ૧૨
દેહ પડી રાખી ત્યાં ખાલી, વિમાનમાં બેશીને ચાલી;
મુક્ત થઇ ગઇ શ્રી વૈકુંઠમાં હે સતીરે. જયજય ૧૩
એવા અનેક જન ઓધાર્યા, ભવે ડુબતા દુઃખીયા તાર્યા,
એવી અદભુત અનંત સ્વામીની કૃતિરે—
જય જય લક્ષ્મણ મુનિ કૃપાલા દ્વયવિભૂતિ પતિરે. ૧૪

ગરબો ૨૦ મો.

દિવ્ય મંગલ વિગ્રહ.

"ઓ વાસંડલી વેરણ થઇ લાગીરે વ્રજની નારને" એ દેશી
યતિરાજ ગુરૂ, સદા સર્વદા સ્વાશ્રીતની શુધ્ધ લે છે.

વિગ્રહ ધારી એર્જાનિમિતે આ જગ વિષે વસે છે. ટેક.
જે શેષ રૂપ વૈકુંઠ વિષે, જે શ્રી રામાનુંજ જગત વિષે.
તે મંગલ વિગ્રહ રૂપદીસે. યતિરાજ ગુરૂ ૧
જ્યમ દીપોમાં અગ્નિ રહે છે, ત્યમ વિગ્રહમાં સ્વામી રહે છે
મંત્રાભિન દેવો નિત્યે છે. યતિરાજ ગુરૂ ૨
જેવી શ્રધા ઉરમાં રાખે, તેવી કરૂણા સ્વામી દાખે–
નેં અંતે તેવું ફળ ચાખે. યતિરાજ ગુરૂ ૩
એ સરવ જગતને ભાવ્યું છે. એ પોતે કહી જણાવ્યું છે
એ પોતે કરી બતાવ્યું છે યતિરાજ ગુરૂ ૪
શ્રી યાદવગિરિ છોડયો જ્યારે, ગિરિ વાસી દુઃખી થયા ત્યારે
નિજ વિગ્રહ ત્યાં સ્થાપ્યું પ્યારે. યતિરજ ગુરૂ ૫
એ પ્રિય કરવા સહુના મનમાં, પ્રત્યક્ષ થયા વિગ્રહ તનમાં
અડીયેન વધ્યા સરવે જનમાં યતિરાજ ગુરૂ ૬
શ્રી ભૂત પુરીમાં એ રીતે, વિગ્રહ સ્થાપ્યું ત્યારે પ્રીતે
નિશ્ચય કીધો સહુના ચિત્તે યતિરાજ ગુરૂ ૭
લોચન તે ઉઘાડતાં જ્યારે, વિગ્રહમાં સળી ખુંચી ભારે.
નિજ નયને લોહી વહ્યું ત્યારે. યતીરાજ ગુરૂ ૮
એવા બહુ વિધીના પરચાથી, જગને જણાવ્યું નિજ કરૂણાથી;
છઉ બધે સદા સહુનો સાથી. યતીરાજ ગુરૂ ૯
તેમાં પણ ત્રણ સ્થળ દીવ્ય બણ્યાં, શાસ્ત્ર પણ ભવ્ય તેને ગણ્યાં.
પોતાને પણ છે પ્રીય ઘણાં. યતીરાજ ગુરૂ ૧૦
નારાયણ પુર પહેલું પ્યારૂં, ત્યાં વિગ્રહ છે ચિત્ત હરનારૂં.
અડીયેન સ્વમુખથી વદનારૂં, યતીરાજ ગુરૂ ૧૧

બીજું નિજ જન્મ ભૂમી માંહે, પ્રત્યક્ષ નીરખતાં સમજાયે;
ખુબીથી તન મન ન ધરાયે. યતીરાજ ગુરૂ ૧૨
ત્રીજું શ્રી રંગમ નગર વિષે મંગલ વિગ્રહ દીપે અતિશે;
ત્યાં સદા વસેલા આપ દીસે. યતીરાજ ગુરૂ ૧૩
સહુ સ્થળમાં રહીને એ રીતે, સ્વામીજી શુધ લે છે નિત્યે;
એવું માને તે જગ જીતે. યતીરાજ ગુરૂ ૧૪
ઉર માંહે આણી અપાર દયા, જન કાજે એ નરરૂપ થયા;
જન કાજે વિગ્રહવાન રહ્યા. યતીરાજ ગુરૂ ૧૫
અણુએ એ અનુભવથી જાણ્યું, ને અમોઘ સુખ તેથી માણ્યું;
તે જીભે જાએ ન વખાણ્યું. યતિરાજ ગુરૂ ૧૬

ગરબી ૨૧ મી.

શ્રીમનદાશરથી સ્વામીની કથાનો સાર.

ઓધવજીના સંદેશાનો રાગ.

પ્રણમું સ્વામી દાશરથી કરૂણા નિધિ,
લક્ષ્મણાર્યની શ્રી ત્રીવડી સુખકારજો;
જયજયહો મંગલહો સ્વામી આપનો,
પ્રણમું ચરણકમલમાં વારંવારજો. ૧
અનંત આર્ય દીક્ષીતના સપુત શોભતા,
ભાષ્યકારના ભાણેજા ધિમાનજો;
શિષ્ય થયા મામાના પુરણ સ્નેહથી,

પામ્યા દૈવી ઉત્તમ અપાર જ્ઞાનજો; ૨
કુલક્ષ ધનથી વિદ્યાથી મોટા અતિ.
હતા સર્વ શ્રી સર્વે વઈષ્ણવ માંહે આપજો;
તેથી ત્રણે મદ પ્રકટયા'તા ઉરમાં,
દુર થઈ ગયા તે શ્રી શેષ પ્રભાજો; ૩
મંત્રાર્થો શ્રી કુરેશને દીધા જદા.
ત્યારે પ્રીતે આવી સ્વામી પાસજો,
કર જોડી ચરણો વંદીને વીનવી,
એ માટે પોતે પણ જણાવી આશજો. ૪
ત્યારે મદ ત્રેણેને હણવા મૂળથી,
શ્રી સ્વામીએ સારો સાધ્યો લાગજો;
આજ્ઞા દીધી એમ અર્થ એ નહીં સરે,
ગોષ્ઠી પૂર્ણ ગુરૂ પાસે જઈ માગજો. ૫
નિરાશ થઇ સ્વામીની આજ્ઞા શીર ધરી,
આવ્યા ગોષ્ઠી પૂર્ણ ગુરૂની પાસજો;
તેઓએ તો સામું પણ જોયું નહીં,
એમજ આશામાં વીત્યા ખટ માસજો. ૬
ત્યારે શ્રધા દેખી દાસરથી તણી,
બોલ્યા ગોષ્ઠી પૂર્ણ ગુરૂ ગુણવાનજો;
યતિરાજ મંત્રાર્થો તેને દેજ છે,
જેના ઉરમાં હોય નહીં અભિમાનજો. ૭
ચેત્યા એથી ચતુર શિરોમણી ચિત્તમાં,
મને નડે છે મારૂંજ અભિમાનજો;

એવું સમજી મદ ઉર’થી અળગા કરી,
આવ્યા શ્રી યતિવરની પાસ ધિમાનજો. ૮
લક્ષ્મણાર્ય સ્વામી સમજી ઉર સર્વ આ.
અધિક પરિક્ષા લેવા ચ્હાયું ચિત્તજો;
એવામાં પુત્રી આવ્યાં મહાપુર્ણનાં,
સ્વામીને કહેવા લાગ્યાં સહ પ્રીતજો. ૯
યતીરાજ મુજ તાતે મુજને મોકલી,
કહેલછે કે કષ્ટ ટાળશે ભ્રાતજો;
સ્વામી તવ સુણવા લાગ્યા સ્નેહથી,
ગુરૂ તણી પુત્રીના દુઃખની વાતજો. ૧૦
સાસુએ મ્હેણું માર્યું એ રીતનું,
પીયરમાં જઇને લેઈ આવો દાસજો;
વાત સુણી આ વિસ્તારેથી તે સમે,
દાશરથી સ્વામી ઉભા’તા પાસજો. ૧૧
તેણે મદને મુળ માંહેથી ટાળવા,
બોલ્યા સહુના સુણતા શ્રી યતિરાજજો:
જાઓ તમે આ ગુરૂ પુત્રીને સાસરે,
એને સાટે કરજો સહુ ઘર કાજજો. ૧૨
સ્વામીજીની આજ્ઞા ઝટ શીરશે ધરી,
ચાલ્યા મહાપૂર્ણ–પુત્રીની સાથજો;
પ્રેમે તેનાં સાસરીયાં સાથે રહ્યા,
કરવા લાગ્યા ઘર કામો નિજ હાથજો. ૧૩
સાસરીયાં જાણે કે એ કો રાંક છે,

તેથી સોંપે સરવે હલકાં કાજજો;
સ્વામી આજ્ઞા સમજી પોતે હોંસથી,
કરે કામ ઉર જરી ન લાવે લાજજો. ૧૪
એવો મદ નિરમુલ થયો જાણો જદા,
રીઝયા મનમાં તવ સ્વામી શ્રીમાનજો;
એવામાં એ દ્વીજના ઘરમાં આવીયા,
ગામડીયા મહેમાન કોઇ વિદ્વાનજો. ૧૫
વિવાદ કરવા લાગ્યા વિદ્યા શાસ્ત્રનો,
શ્લોક અર્થ નવ એકેથી સમજાય જો;
દાશરથી સ્વામીથી રહેવાયું નહીં,
પોતે વદવા લાગ્યા તવ વચ્ચ માંહ્ય જો. ૧૬
ડોળ દાસનો દેખીને સ્વામી તણો,
બોલ્યા મીજમાનો આણી અભિમાન જો;
અલ્યા રસોયા તું શું સમજે શાસ્ત્રમાં, ?
તું તારે જઈને કર ઝટ પકવાન જો. ૧૭
સ્વામીએ ઉત્તરમાં અર્થ બધો કહયો,
ઘુંચવણી કાઢીને જણુવ્યો સાર જો;
બુદ્ધિ વિદ્યા દેખી સહુ ચમકી ગયાં,
વાત સુણી ત્યાં આવ્યાં સહુ નર નાર જો. ૧૮
પુછ ગાછ કરતાં તો સહુએ ઓળખ્યા,
લજવાયાં તવ ઘરવાળાં મન માંહ્ય જો;
ક્ષમા માગી કરજોડીને સહુએ કહ્યું,
ઘેર પધારો સુખથી પંડીત રાય જો. ૧૯

દાશરથી સ્વામી બોલ્યા તવ એટલું,
જેણે મુજને સોંપ્યું છે આ કામ જો;
તેની આજ્ઞા વિણ નવ તજાય સેવઆ,
ને તેથી હું કેમ તજુ આ ધામ જો. ૨૦
વાત સુણી આ ડરી ગયાં ઘરનાં સહુ,
દોડી આવ્યાં યતીરાજની પાસ જો;
વિનવી બોલ્યા તેડાવી લ્યો શિષ્યને,
નહીં તો અમ સરવેનો થશે વિનાશ જો. ૨૧
ત્યારે સ્વામીએ અતિશય સતકારથી,
બોલાવી શ્રી દાશરથીને પાસ જો,
સાબાશી દીધીને મસ વ્હાલા કર્યા,
સઘ સકલ મંત્રાર્થો કર્યા પ્રકાશ જો. ૨૨
ત્યારથીજ સ્વામીના ચરણોમાં રહયા,
ક્ષણ પણ છુટા પડયા નહીં કો કાલ જો;
ત્રાવડી સ્વરૂપ બની રહયા આનંદથી,
સ્વામીના શિષ્યોની લે સંભાલ જો. ૨૩
એવા મદ રહીત આજ્ઞા ધારી અહા,
દાશરથી યતીવરના દંડ સમાન જો;
સદા શ્રી વૈષ્ણુને શીર રહી એ શીખવે,
આવું રાખો ગુરૂ આજ્ઞાપર ધ્યાન જો. ૨૪
એવા મોંઘા મંત્રાર્થો તે સ્હેજમાં,
આપ અપાવે છે એ દીન દયાલ જો;
એ અપાવનારાને દેનારા ગુરૂ,
ધન્ય ધન્ય છે અનંતના પ્રતી પાલજો. ૨૫

ગરબી ૨૨ મી.

શ્રીમત કુરેશ આખ્યાન.

" સમી સંધ્યાએ પાણીમાં સાંચર્યોરે જમનાંને તીરેરે હાં-
હાંરે " એ રાગ.

મંગલ સુખદ કૃપા નિધીરે, કૂર નાયક સ્વામીરે. હાંહાંરે
કુરનાયક સ્વામી
પ્રણમું પંકજ પાદમાંરે, પ્રેમે શીર નામીરે. હાંહાંરે
પ્રેમે શીર નામી
હારીત કુલ કેરા મણીરે, કુરપુરના સ્વામીરે. હાંહાંરે
કુરપુરના સ્વામી
શ્રી અનંતના લાડીલારે, ઉત્તમ ગુણ ગ્રામીરે. હાંહાંરે
શિષ્ય પ્રથમ શ્રી યતીશના, સદ ભાગી પુરારે. હાંહાંરે
શ્રી વૈષ્ણવમાં અગ્રણીરે, ઐકાંતીક શૂરારે. હાંહાંરે
અંધ અપંગ દુઃખી તણી, શુધ સ્નેહે લેતારે. હાંહાંરે
મધ્ય રાત જાતાં લગીરે, અંન દાન દેતારે; હાંહાંરે
દ્વાર બંધ થાતાં તદારે, ઘણઘણાટ થાતોરે. હાંહાંરે
કાંચીમાં રવતે તણોરે, નિત્યે સંભાળતોરે; હાંહાંરે
શ્રીજીએ શ્રવણે સુણ્યોરે, તે રવ એક દહાડોરે. હાંહરે
કહ્યું પ્રભુને એ ધનિક, મુજને દેખાડોરે; હાંહાંરે
કાંચી પુર્ણને મોકલ્યા, એ ધનિક પાસેરે. હાંહાંરે
આવ્યા તે મધ્યરાતમાં, કુરનાથ અવાસે; હાંહાંરે

કુર પતિએ તવ સ્વામીને, અતિ આદર દીધોરે. હાંહાંરે
પુછ્યું સ્વામી આ સમેરે, શીદને શ્રમ લીધો; હાંહાંરે
સ્વામીએ કુરનાથનેરે, કહી સરવે વીતી. હાંહાંરે
આવ્યો છું હું તેડવારે, ઉર આણી પ્રીતીરે; હાંહાંરે
શ્રી કુરેશને એ થકીરે, વૈરાગજ આવ્યો. હાંહાંરે
ખરેખાત મેં જગતમાં, અતિ દંભ જણાવ્યોરે; હાંહાંરે
શો ઘણુંઘણાટ કરૂં સદા, ઉદાર કહાવારે. હાંહાંરે
અંતે વિનાશકારી છે, નિશ્ચય મદ આવા; હાંહાંરે
માટે એ મદ જ્યાં સુધી, હું ધન નહીં છોડું રે, હાંહાંરે
ત્યાં સુધી ઉર માંહથી, કદીએ નહીં તોડું રે; હાંહાંરે
ફોકટ આ ધન ધામને, ગુરૂપદ વિણ જાણું રે. હાંહાંરે
સ્વામી સેવા સર્વદારે, હું સ્નેહે માણું રે; હાંહાંરે
એવું ધારી ઉરમાંરે, ઉઠયા કુર સ્વામીરે. હાંહાંરે
કાંચી પુર્ણ જોઈ રહ્યારે, ચીત્ત વિસ્મય પામીરે; હાંહાંરે
કેવો શ્રી કરૂણા થકી, ઉરનો મદ ગળીગોરે. હાંહાંરે
કેવો ઉપર માંહી અહા, વૈરાગ્ય ઉછલીયોરે હાંહાંરે
કુરેશ તો ધન ધામરે, અરપી પ્રભુ ચરણેરે; હાંહાંરે
મધ્ય નિશાએ નીકળ્યારે, શ્રી વરને શરણેરે. હાંકોંરે
સાથે ચાલ્યા સુંદરી, સતી પવીત્ર નારીરે; હાંહાંરે
ચાલ્યાં શ્રી રંગજી ભણી, પ્રભુ નામ ઉચ્ચારીરે હાંહાંરે
કાંચી પુર્ણ ચાલ્યા ગયા, શ્રી વરની પાસેરે; હાંહાંરે
દંપતી ચાલ્યાં વન વિષે, પ્રભુને વિશ્વાસેરે. હાંહાંરે
થોડી દુર ગયા તદા, આવ્યું વન ભારીરે; હાંહાંરે

અંધકાર દેખી અતી, બોલી સતી નારીરે. હાંહાંરે
સ્વામીજી આ માર્ગમાંરે, ભય કંઇ પણ છે કેરે; હાંહાંરે
સ્વામી બોલ્યા રે પ્રીયા,! કયમ ફીકર કરેછેરે. હાંહાંરે
ભય જેવું શું છે કંઇરે, હજી પણ તુજ પાસેરે; હાંહાંરે
જેથી તુજને આટલોરે, ઉરમાં ભય ભાસેરે. હાંહાંરે
હેમ કટોરો તે સમેરે, સ્વામીને આપીરે; હાંહાંરે
નારી બોલી કંપતીરે, હે! પતિ પ્રતાપીરે! હાંહાંરે
જળ પાવાને આપને, મેં આ લીધોછેરે; હાંહાંરે
ક્ષમા કરો મેં એટલો, અપરાધ કીધોછેરે. હાંહાંરે
કુરપતિએ હશીને તદા, એ પ્યાલો લીધોરે. હાંહાંરે
નાંખી દઇને તે વધા, ભય ફેંકી દીધોરે. હાંહાંરે
હવે નથી ભય કો જગે, નવ ડરીશ પ્યારીરે. હાંહારે
દ્રવ્ય એજ ભય જાણવોરે, આ જગમાં ભારીરે. હાંહાંરે
સમજાવી એવી રીતે, નિશ્ચિંત થઇનેરે. હાંહાંરે
ચાલ્યાં શ્રી રંગજી ભણી, ઉર ધૈર્ય ગ્રહીનેરે. હાંહાંરે
આવ્યાં શ્રી રંગજી સમીપ, જાણ્યું યતીરાજેરે. હાંહાંરે
વાજાં વિપ્રો મોકલ્યારે, સામૈયા કાજેરે. હાંહાંરે
જોયા પોતે પ્રીતથીરે, વૈરાગ્ય વખાણીરે. હાંહાંરે
કુરેશ વસ્યા શ્રી રંગમાંરે, ઉર પ્રીતી આણીરે. હાંહાંરે
ઊંચ વૃત્તી નિત્યે કરી, નિજ પોષણ કરતારે. હાંહાંરે
નિશ દીન શ્રી યતિરાજનીરે, સેવા આચરતારે. હાંહાંરે

ઉપવાસો દીન ત્રીસના, આજ્ઞા સમ કીધારે. હાંહાંરે
મંત્રાર્થો સૌથી પ્રથમ, યતિરાજે દીધારે. હાંહાંરે

સ્વામીજીની સંગમાંરે, કાશમીર ગયા એરે. હાંહાંરે
બૌધાયન વૃત્તી થકી, માહીત થયા એરે. હાંહાંરે
એક વખત વાંચ્યા થકી, શીખ્યા એ સંધુરે. હાંહાંરે
એવા ગુરૂ કુરેશનેરે, હું પ્રેમે વંદુરે. હાંહાંરે
શ્રી યતીરાજ લખાવતા, લખતા કુર સ્વામીરે. હાંહાંરે
શ્રી ભાષ્ય એમ સહાયથી, પ્રકટયું સુખધામીરે. હાંહાંરે
આજ્ઞા એ ગુરૂએ કરીરે, વૃત્તિ સમ લખવુંરે. હાંહાંરે
વૃત્તિ વિરૂદ્ધ હું વદુ તો, ત્યાંજ અટકવુંરે. હાંહાંરે
આત્મસ્વરૂપ લખાવતાંરે, અટકયા કુર સ્વામીરે. હાંહાંરે
યતિરાજે લખવા કહ્યું, પણ રહયા વિરામીરે. હાંહાંરે
ગુરૂએ તવ નિજ પાસથી, ઝટ કાઢી મૂકયારે. હાંહાંરે
કોપ બતાવ્યો એ રીતે, પણ આપ ન ચુકયારે. હાંહાંરે.
ગુરૂએ નિજ મઠ માંહેથી, તવ મુકયા કહાડીરે. હાંહાંરે
તોપણ આપ પડી રહયા, આંગણુલે દહાડીરે. હાંહાંરે
ખટ માસો વીતી ગયા, ત્યારે મધ્ય રાતેરે. હાંહાંરે
બોલાવ્યા કુર નાથને, યતિરાજે સાદેરે. હાંહાંરે
આંગણુલાની માંહેથી, તવ દોડી આવ્યારે. હાંહાંરે
યતિરાજે ઉભા થઈ, છાતીએ લગાવ્યારે. હાંહાંરે
એવું જબરૂં પારખુંરે, સ્વામીએ લીધુંરે. હાંહાંરે
કુરપતિના કહેવા મુજબ, પછી પ્રીતે કીધુંરે. હાંહાંરે
એવા શિષ્ય યતિશના, આજ્ઞા અનુસારીરે. હાંહાંરે
પ્રણમું પુરણ પ્રીતથી, સત્ય વ્રત ધારીરે. હાંહાંરે

ક્રમી કંઠના સેવકોરે, આવ્યા જવ નડવારે. હાંહાંરે
સ્વામી શ્રી યતીરાજને, કપટથી પકડવારે. હાંહાંરે
વેશ ધરી તવ સ્વામીનો, પોતે પકડાયારે. હાંહાંરે
ચોલ ભુપ પાસે ગયા, નજરી ધભરાયારે. હાંહાંરે
શાસ્ત્ર વાદ સામો કરી, દુષ્ટને હરાવ્યોરે. હાંહાંરે
ધર્મ નીમીતે દુષ્ટનો, ભય ઉર ન આવ્યોરે. હાંહાંરે
આંખો બેઊ જવા દીધી, પણ સત્ય ન છોડયુંરે. હાંહાંરે
ચિત્ત પ્રભુના ચરણમાં, અતિ પ્રેમે જોડયુંરે. હાંહાંરે
સ્વામીએ એ સાંભળી, મસ પ્રીતી કીધીરે. હાંહાંરે
સેવક જનને મોકલી, શુધ સત્વર લીધીરે. હાંહાંરે
નાશ કરી નૃપ દુષ્ટનો, જય મળીયા જાતેરે. હાંહાંરે
લોચન દીવ્ય અપાવીયાં, પ્રાકૃતને સાટેરે. હાંહાંરે
એવા શ્રી યતીરાજના, સર્વેથી વહાલારે. હાંહાંરે
સ્વામી કુરેશને નમું, જય પરમ કૃપાલારે. હાંહાંરે

પાંચ સ્તોત્ર પ્રીતે રચ્યાં, પોતે મહાભારીરે. હાંહાંરે
દીવ્ય કાવ્ય કુરનાથનાં, અતિ મંગલ કારીરે. હાંહાંરે
સદા સેવતા શ્રી પતી, શ્રી લક્ષ્મણ સ્વામીરે. હાંહાંરે
ઉચ્ચ વૃતી કરીને સદા, રહેતા સુખ પામીરે. હાંહાંરે
એક દીવસ સંધ્યા લગી, વરસ્યું મસ વારી. હાંહાંરે
તેથી બહાર ગયા નહીં, સ્વામી સુખકારીરે. હાંહાંરે.
ઘરમાં અન્ન હતુ નહીં, આરાધન માટેરે. હાંહાંરે.
ભૂખ્યા સુતા તે થકી, કુરંપતિ નીરાંતેરે. હાંહાંરે

રાને શ્રી રંગજી તણો, જળ થાળ ધરાયોરે. હાંહાંરે
ઘોર તદા વાજાં તણો, ત્યાં લગી સુણાયોરે. હાંહાંરે
તવ પત્નીના ચિત્તમાં, એ વિચાર આવ્યોરે. હાંહાંરે
ભૂખ્યા વાસ સુતા અહીં, ત્યાં ભોગ ધરાવ્યોરે. હાંહાંરે
જાણ્યું અંતરજામી એ, શુધ સત્વર દીધીરે. હાંહાંરે
નિજ અર્ચકને સ્વપ્નમાં, શુધ સત્વ લીધીરે. હાંહાંરે
જાગીને ઝટ અર્ચકો, લઇ થાળ રસાલારે. હાંહાંરે
શ્રી કુરેશના ગ્રહપતી, આજ્ઞાં સમ ચાલ્યારે. હાંહાંરે
કુરપતિ ચિત્ત વિચારતા, કયમ પ્રસાદ આવ્યોરે. હાંહાંરે
હું તો વિચાર ચિત્તમાં, નથી કંઈ પણ લાવ્યોરે. હાંહાંરે
પત્નીને પૂછ્યું તદા, કયમ ભુલ્યાં નારીરે. હાંહાંરે
વિસરીને પારતંત્ર્યને, થયાં સ્વેચ્છાચારીરે. હાંહાંરે
ધારી બુરૂં સ્વાતંત્રને, પ્રભુને શ્રમ દીધોરે. હાંહાંરે
કર જોડી સ્ત્રીએ તદા, નિજ વિચાર કીધોરે. હાંહાંરે
સ્વામીનાથ ક્ષમા કરો, કંઇપણ નથી માગ્યુંરે. હાંહાંરે
ભૂખ્યા જાણી આપને, મનમાં તો લાગ્યુંરે. હાંહાંરે
પ્રસાદમાં બે મુઠી, કુરપતિએ લીધીરે. હાંહાંરે
ઈચ્છા જાણી નારની, ને તેને દીધીરે. હાંહાંરે
એથી ગર્ભ રહ્યા થયા બે પુત્રી પ્રતાપીરે. હાંહાંરે
દિગંત કીર્તિ વિશ્વમાં, જેની રહી વ્યાપીરે. હાંહાંરે
શ્રીરંગ નાથે બેઉને, નિજ પુત્રજ ગણીયારે. હાંહાંરે
લવને કુશ સમ બેઉ એ, અતિ પ્રવિણ બળીયારે. હાંહાંરે
માગ્યા લક્ષ્મીએ અને, પ્રભુએ પરણાવ્યારે, હાંહાંરે

વ્હાલા શ્રી યતિરાજના, સહુને મન ભાવ્યારે. હાંહાંરે
એવા પુત્ર તણા પીતા, શ્રી કુરેશ સ્વામીરે. હાંહાંરે
પ્રભુ પાર શદને પદે, પ્રણમું શીરનામીરે. હાંહાંરે
જેનાં સ્તોત્ર બધાં સુણી, રીઝયા બહુ નામીરે. હાંહાંરે
વર દેવા તત્પર થયા, શ્રી શ્રીરંગ સ્વામીરે. હાંહાંરે
પરમ પદ માગ્યું તદા, પોતે પ્રીતીથીરે હાંહાંરે
શ્રીપતિએ ત્યારે અહા! એ આજ્ઞા દીધીરે. હાંહાંરે
તુજ સંબંધી પણ ધારે, વૈકુંઠે જાશેરે. હાંહાંરે
શોચ પછીથી શીદને કરેરે, મારૂં શું થાશેરે. હાંહાંરે
જાતું પરમ પદે સુખે, પ્રભુ બોલ્યા એવુંરે. હાંહાંરે
શ્રી કુરપતિના ભાગ્યનું, હા હા! શું કહેવું? રે હાંહાંરે
ઘેર આવી સહુને મળીરે, કીધી તૈયારીરે. હાંહાંરે
સ્વામીના દર્શન કર્યાં, ત્રીવડી શીર ધારીરે. હાંહાંરે
અતિ ઉમંગે એ રીતે, બેશીને વીમાનેરે. હાંહાંરે
વિચર્યા શ્રી વૈકુંઠમાં, અતિશય સનમાનેરે. હાંહાંરે
એવા શ્રીમન કુરપતી, પણ સુશિષ્ય જેનારે, હાંહાંરે
ગુલામ ધન્ય અમે થયા, સદભાગ્યે તેનારે હાંહાંરે
નાના મોટા દાસ છે, જેને મન સરખારે. હાંહાંરે
એવા શ્રી યતિરાજને, ઘણા પ્રેમે પરખ્યારે. હાંહાંરે
ધર્ણીપણું એ નાથનું, નિત્યે શીર રહેજોરે. હાંહાંરે
ગુલામ ગણી અનંતની, અંતે શુદ્ધ લેજોરે. હાંહાંરે

ગરબી ૨૩ મી.

શ્રીમત ગોવિંદ આર્ય સ્વામી કથા કથન:

" ગોપી મહી વેચવાને ચાલીરે " એ રાગની

જય જય હો શ્રી ગોવિંદ સ્વામીરે,
નમું ચરણ વિષે શીરનામીરે;
માતા ધ્રુતિ મતી તણા જાયારે.
વિપ્ર કુલીન શ્રી વૈષ્ણવ રાયારે;
શ્રી રામાનુજના બાલ સ્નેહીરે,
જીવ એક અને જુદી દેહીરે;
માસી જાયા બેઉ ભ્રાત સંગેરે,
રહેતા યાદવ પાસે ઉમંગેરે.
જાત્રા સારૂ સહુ સંગે ચાલ્યારે,
ત્યાંથી પાછા શ્રીશેષને વાળ્યારે;
પોતે ચાલ્યા ગયા દુષ્ઠ સાથેરે,
આવ્યા ગંગાતીરે માઘ માસેરે.
પડયા ગંગાજીમાં સ્નાન કરવારે,
મારી ડુબકીને લાગ્યા તરવારે;
શીવલીંગ એવે નદીમાંથીરે,
આવ્યું હાથમાં હરખી છાતીરે;
પ્રેમે યાદવને તે બતાવ્યુંરે,
ત્યારે તેણે તો તુત ચલાવ્યુંરે.
કૃપા કીધી ભારી વિશ્વનાથેરે

સેવા લેવા ચાલી આવ્યા જાતેરે;
રહેજે તું હવે એમની સાથેરે,
પુજા કરજે સદા તારે હાથેરે.
એવો બોધ કરી છલ દીધોરે,
બાળ વૈષ્ણવને શૈવ કીધોરે;
ગોવિંદાર્યે શ્રધા ઉર આણીરે,
થયા શૈવ આપરચો જાણીરે.
કુલાચારની રીતને તોડીરે,
સાચી પ્રીત એ લીંગથી જોડીરે;
ઘર બાર તજીને સીધાવ્યારે,
કાલ હસ્તીપુરી માંહે આવ્યારે.
થયા ત્યાંના વડા અધિકારીરે.
લીંગ સેવતા પ્રીતી ધારીરે;
ધારતા રૂદ્રાક્ષો તન વિષેરે,
અંગે ચોળતા ભસ્મ અતિશેરે.
કરતા ત્રિપુંડ સ્વ લલાટેરે,
ઘોર શૈવ થઇ રહયા ઠાઠેરે;
વાત એ યતિરાજે જાણીરે,
ત્યારે ઉરમાં દયા અતિ આણીરે.
મામાને કહાવ્યું યતિરાજેરે,
ભાણેજાને સુધારવા કાજેરે
રહેતા વ્યંકટ ગિરિપર પ્રીતેરે,
મામાશ્રી શૈલપુરણ નિત્યેરે.

જાણી તેમણે વાત આ જ્યારેરે,
નીકળ્યા ગિરિપર થકી ત્યારેરે;
કાલ હસ્તીપુરી પાસે આવ્યારે,
ગોવિંદાર્યે તોએ ન બોલાવ્યારે.
શીવ ભક્તોમાં આશક્તી ભારીરે,
જોઈ મામાએ યુક્ત વિચારીરે.
બીજી વાર આવ્યા શિષ્ય સંગેરે,
બેઠા રસ્તામાં પરમ ઉમંગેરે;
ગોવિદાર્ય ત્યાંહાં થઇ નિત્યેરે,
જળ ભરવા જતા પૂર્ણ પ્રીતેરે.
તેને દૂરથી આવતા દેખીરે,
લખી પત્રીકા માર્ગમાં ફેંકીરે;
ગોવિંદાર્ય આવ્યા તેની પાસેરે,
જોઈ પત્રીકા લીધી ઉલ્લાસેરે.
વાંચતાંજ જાદુ થાય જેવુંરે,
ઉરમાં જ્ઞાન પ્રકટયું એવુંરે;
તોએ મામાને તે ન જણાવ્યુંરે,
પણ ભાન ઠેકાણે આવ્યુંરે.
શોચતા જઇ જળ ભરી આવીરે,
ઉભા મામા પાસે પ્રીતી લાવીરે;
વાતચીતો મરમ માંહી કીધીરે,
તેમ થઈ ઉર માંહે પ્રીતીતીરે.
તોએ સ્પષ્ટ ખુલાસો ન કીધોરે,

પાછો પોતાનો રસ્તો લીધોરે;
ત્રીજીવાર મામા સાંજ આવ્યારે,
ત્યારે શિષ્યોને સંગમાં લાવ્યારે.
સ્વામી શહજીતની દીવ્યગીથારે,
કહેવા લાગ્યા શિષ્યોને સપ્રીતીરે;
આવ્યા ગોવિંદઆર્ય ત્યાં પ્રીતેરે,
પુષ્પ વિણવા નિત્યની રીતેરે.
બેસી વૃક્ષ ઉપર એ બહાનેરે,
લાગ્યા સાંભળવા એક ધ્યાનેરે;
શ્રમ સુણતે સુણતે ભાગ્યોરે,
સાચો પ્રેમ -હૃદયમાં જાગ્યોરે.
અતે તે નવ દાબી રખાયુંરે,
ચિત્તે ચાવા થવાનું ચાલ્યુંરે;
ગીથીએ જેવો વ્હેમ વિદાર્યોરે,
તેવો તરૂ થકી ભુસકો માર્યોરે.
ભસ્મ ભુંસી નાંખી શરમાયારે,
તોડી રૂદ્રાક્ષ માલાને ધાયારે;
આવી વલગ્યા શ્રી શૈલને ચરણેરે,
બોલ્યા સ્વામીજી આવ્યો છું શરણેરે.
વય મેં બધું ફોકટ ખોયુંરે,
મણી છોડીકાચે મન મોહ્યુંરે;
સ્વામી કીરીટ ધારીને છોડીરે,
જટાધારી સાથે પ્રીતી જોડીરે.

વિશ્વકંઠને મેં ન વખાણ્યારે,
વિષકંઠને મૂર્ખ મેં જાણ્યારે;
પુંડરીકાક્ષને નવ ચાહ્યારે,
વિરૂપાક્ષતણા પદ સાહ્યારે.
ન જોયા કન કાંબર ધારીરે,
દીગાંબરની છબી ગણી પ્યારીરે;
પુષ્પ તુલસીની વાસ ન લીધીરે,
ભાંગ ધંતુરાથી કરી પ્રીતીરે.
તને ચંદન મેં ન લગાડ્યુંરે,
ભસ્મ ભુસીને અંગ બગાડ્યુંરે;
ધ્યાને ધાર્યા ન વૈકુંઠ વાસીરે.
રીઝયો સમશાન વાશી ઉપાસીરે;
મુકી પ્રખ્યાત મેં પાળનારારે.
કીધા સ્વામી મેં સંહારનારારે.
મુરખાઇ શું શું હું ગણાવુંરે,
મારૂં પોગળ હું શું જણાવુંરે;
પશ્ચાતાપ કીધો એમ ભારીરે,
સ્નેહે સ્વામીએ લીધા સ્વીકારીરે.
એવે શૈવ જનો ત્યાં આવ્યારે,
તોએ તેમાં ન લેશ એ ફાવ્યારે;
સ્વામી સુખથી રહયા ત્યાં રાતેરે.
પાછા આવ્યા ત્યાં શૈવો પ્રભાતેરે.
પોતાના મનથી ક્ષમા માગીરે,

કહેવા લાગ્યા પ્રીતે પગે લાગીરે;
અમને શંકરે સ્વપ્નમાં આવીરે.
એવી વાત વડી સમજાવીરે.
ગોવિંદાર્ય તો છે અવતારીરે,
એને રોકશોમાં રોષ ધારીરે;
વિષ્ણુ પાર્ષદ છે અવતારીરે,
યતીરાજની મંડલી સારીરે.
એ ઉપર નથી કોઈનો દાવોરે,
સ્વામી સુખ થકી સર્વે સીધાવોરે;
સુણી શૈવોની સત્ય આ વાણીરે,
ચાલ્યા ત્યાંથી સ્વામી મોદ આણીરે.
આવ્યા નીજ ભુવને ભાગેરે,
રાખ્યા ગોવિંદને નીજ આગેરે;
પ્રીતે મામાના શિષ્ય થયા એરે,
શાસ્ત્રો શીખવાને ત્યાં રહયા એરે.
લક્ષ્મણાર્ય આવ્યા ત્યાંહાં જયારેરે,
મામાએ સોંપ્યા તેમને ત્યારેરે;
અંત રંગી થયા યતીવરનારે,
ખાસદાસ થયા ગીરીધરનારે.
ગોવિંદાર્ય દયાલ અતીશેરે,
જેના જેવા બીજા થોડા દીસેરે;
ફરતાં એક દીન ઉદ્યાનેરે,
દીઠો સર્પ પીડાતો કો સ્થાનેરે.

તેના કંઠમાં કાંટો ભરાયોરે,
પામી પીડા ઘણો ઘભરાયોરે;
જોયું ગોવિંદઆર્યે એ જેવું રે,
કીધું સાહસ અદભુત તેવું રે.
મુખ સાપનું જઈને ઝાલીરે,
કાંટો કાઢયો મુખે હાથ ઘાલીરે;
એમ મ્રત્યુનો એ ભય છોડીરે,
કષ્ટ સર્પનું કાપીયું દોડીરે.
યતીરાજ ઉપર એવી પ્રીતીરે,
બીજા કોઈ તણી નવ દીઠીરે;
એક દીન યતીરાજની ખ્યાતીરે.
કોઈ ગુણીકાને સાંભળી ગાતીરે.
પોતે સ્વામીના ગુણ સુણવાનેરે,
બેઠા સરલ ચિત્તે તેહ સ્થાનેરે;
લોક અપવાદનો ભય છોડીરે,
સુણ્યા સ્વામીના ગુણ ચિત્ત જોડીરે.
બાલપણથી વૈરાગ્યજ આણ્યોરે,
આ સંસારને તુચ્છજ જાણ્યોરે;
ધનધામ અને તજી નારીરે,
લીધું સન્યસ્ત ત્રિદંડ ધારીરે.
થયા સ્વામીજીના કારભારીરે,
લીધા જીવ અસંખ્ય ઉગારીરે;
રંગનાથના પૂત્રો ભણાવ્યારે,

અદ્વીતીય જગમાંહે બણાવ્યારે.
જેમ લક્ષ્મણે શ્રીરામ સેવ્યારે,
પોતે સ્વામીજીને સેવ્યા એવારે;
ધન્ય ધન્ય ગોવિંદાર્ય સ્વામીરે,
કૃપાનાથ નમામિ નમામિરે.
અનુરંક તણી શુધ લેજોરે,
આપના જેવું કૈંકર્ય દેજોરે;

ગરબી ૨૪ મી

શ્રીમત અનંતાચાર્ય સ્વામી ગુણ કથન.

" એક સમે રમે વાડીમાં વિઠલોરે " એ દેશી
નમુ સ્વામી અનંતાચાર્ય કૃપા નાથનેરે લોલ,
યતિરાજ તણા શિષ્ય શુચી ગાતનેરે લોલ.
સ્વામીજીની સેવ કરી પુરી પ્રીતથીરે લોલ,
કીધા સ્વાધીન શ્રીનાથ એજ રીતથીરે લોલ;
એક સમે ગુરૂ બીરાજ્યા શ્રીરંગમાંરે લોલ,
હતા આપ ત્યાંહાં સહુ શિષ્ય સંગમાંરે લોલ.
દીવ્યગીથીઓ યતીશ વાંચતા હતારે લોલ
અર્થ સુધાપીને મગ્ન સૌ થતા હતારે લોલ
કથા શ્રીનિવાસનીજ ત્યાંહાં નીકળીરે લોલ
વિલોકી મહાત્મ્ય સર્વ ગયા પીંગળીરે લોલ
દેહ અંત લગી સેવ જે ત્યાંહાં કરેરે લોલ,
તેના ભાગ્ય થકી ઋષી મુનિ ઉતરેરેલોલ;
એ વિલોકતાંજ યતીશે ચિત્તે ચહ્યુંરે લોલ,

એવું કૃત્ય હજી કોઇથી નથી થયુંરે લોલ.
તેથા શ્રી મુખથી વદ્યા સર્વ શિષ્યનેરે લોલ,
કોઇ છે અહીં જેનાથી કૃત્ય આ બનેરે લોલ;
કોણ તાપ ટાઢ ગિરિના સદા સહેરે લોલ,
કોણ સ્વામીના વિયોગમાં સદા રહેરે લોલ.
એમ ધારીને ન હામ કોઇએ ધરીરે લોલ,
ઈચ્છા સ્વામીની ન કોઇએ પુરી કરીરે લોલ;
જોઇ ડોળ સર્વ સભા તણો એ રીતેરે લોલ,
ઉઠયા શ્રી અનંત હોંશ ધરીને ચિ-તેરે લોલ.
હાથ જોડી વદયાદાસ ત્યાંહાં જાય છેરે લોલ,
ધાર્યું સ્વામીજીનું વૃથા નવ થાય છેરે લોલ;
જોઈ હોંશ હામ યતીરાજ આ રીતેરે લોલ,
વદયા સર્વ સભા દેખતાં પુરી પ્રીતેરે લોલ.
છે અનંતજ પુરૂષ શિષ્યને વિષેરે લોલ,
એના તુલ્ય મને અન્ય કોઈનાં દીસેરે લોલ;
એમ ઉપમા પુરૂષની મળી તદારે લોલ,
વંશમાં પ્રસરી ધન્ય એજ સર્વદારે લોલ.
પોતે નમી ગુરૂ પાદ વિષે પ્રેમથીરે લોલ,
પધાર્યા શ્રી શૈલગિરિપર ક્ષેમથીરે લોલ;
રચ્યાં વૃંદાવન પુષ્પ તુલસી ઘણાંરે લોલ,
હાર ભૂષણો વિવધ રચી તે તણાંરે લોલ.
નિત્ય કર્યા કરે અર્પણ શ્રી નાથનેરે લોલ,
સેવ વિના વૃથા ગણે અન્ય વાતનેરે લોલ;
યતિરાજ સુણી ખ્યાત વિમોહીત થયારે લોલ,
પધારી ત્યાંહાં તમામ આ જોઇ ગયારે લોલ.

એવી સેવ પ્રીત ધરીને કરે ગયારે લોલ.
લક્ષ્મીનાથ તેથી વશી ભૂત થઇ રહયારે લોલ;
સેવમાંજ ધ્યાન પ્રીય એજ વાત છેરે લોલ,
સેવમાંજ લીન છેક દીન રાત છેરે લોલ.

એક સમે પુષ્પ વીણતાં ઉમંગમાંરે લોલ,
સર્પ આવી ડંશ કરી ગયો અંગમાંરે લોલ;
જરી ડરી ગયા નહીં એના ડંખથીરે લોલ.
સેવ કાર્ય કરે ગયા એજ ઢંગથીરે લોલ,
પુષ્પ વીણી ગુંથી પેટી નિત્યના ભરીરે લોલ,
ચાલ્યા મંદીરમાં સ્નાન તીર્થમાં કરીરે લોલ;
પુછ્યું એકજણે જેણે જોયું આ બધુંરે લોલ,
સુણો સ્વામીજી વિનંતી થોડી હું વદુરેલે.લ.
સર્પ દંશનો ઉપાય કેમ ના કીધોરે લોલ,
હશી સ્વામીજીએ ઉત્તર તદા દીધોરે લોલ
દેહ રહયો તો આ સ્નાન તીર્થમાં કર્યુંરે લોલ;
અહીં સેવન શ્રીનાથ તણું આચર્યુંરે લોલ.
દેહ પડતોતો ન્હાઇ વીરજા પતિરે લોલ,
જઈ સેવત વૈકુંઠ વિષે આપ તરે લોલ.
દેહરે' અથવા પડે શું વિશેષ છેરે લોલ,
સેવ શ્રીવરની કરવી હમેશ છેરે લોલ.
એવો નિશ્ચય છે જેમને ચિત્તે સદારે લોલ,
તેને વશી ભુત થાય પ્રભુ સવદારે લોલ.
એક સમે પ્રભુ સેવના નિમિત્તથીરે લોલ,
પોતે ખોદતા હતા તલાવ પ્રીતથીરે લોલ.

માટી ઉપાડીને નાંખતાં હતાં સતીરે લોલ,
કરે જતાં હતાં કારજ આ દંપતીરે લોલ.
સતી ગર્ભવતી હતાં છતાં આ રીતેરે લોલ,
શ્રમીત થતાં જોઈ પ્રભુ પીગળ્યા ચિત્તરે લોલ.
ધરી બાળકનું રૂપ પધાર્યા હરિરે લોલ,
સહાય કરવાને લાગીયા દયા ધરીરે લોલ.
સુકુમાર બાલ દેખી સ્વામીએ કહ્યુંરે લોલ,
કાર્ય તમારાથી નહીં જાય આ સહ્યુંરે લોલ.
તમે એ થકી સુકાઇ જશો લાડીલારે લોલ,
અમે એ વિના સુકાઇ જઈશું ભલારે લોલ.
વાત તથાપિ ન ધરી પ્રભુએ ચિત્તેરે લોલ,
કહ્યું વિનવીને સ્વામીએ રૂડી રીતેરે લોલ.
કોપ સ્વામીએ બતાવ્યો તદા જરીરે લોલ,
તોએ કાર્ય કરે ગયા જદા શ્રી હરિરે લોલ.
કોશ ઉપાડીને રોષ બતાવ્યો ફરીરે લોલ,
નાશી ગયા પ્રભુ ત્યાં થકી હડી કરીરે લોલ;
દુર અંબાજી પાસ પ્રીતથી ગયારે લોલ.
કહ્યું માત મને આવે છે તારી દયારે લોલ.
લાવ ટોપલી ઉપાડું હું તારી વતીરે લોલ,
વદી મીઠું મીઠું ભોળવી લીધાં સતીરે લોલ.
વાત આવી ગઇ સ્વામીજીની જાણમાંરે લોલ,
કહ્યું વિઘ્ન મારા કાર્યમાં તું આણમાંરે લોલ.
તોએ માન્યું નહીં પ્રભુ તો કરે ગયારે લોલ,
તદા સ્વામી અતિ ક્રોધીત ચિત્ત થયારેલોલ.
મારૂં જીવન તું ચોરવને આવીયોરે લોલ,
રહયો નરમ તેમ તેમ વધુ ફાવીયોરેલોલ.

એમ વદી ફેંકી! કોશ પ્રભુની ભણીરેલોલ,
વાગી હડપચીમાં અને નાઠા શ્રી ધણીરેલોલ.
કોશ ઉપાડીને સ્વામી તો પુઠે થયારે લોલ,
ખાસ મંદીરમાં પ્રભુ ભરાઇ ગયારે લોલ;
દ્વારબંધ કરી દીધાં ત્વરાથી તહીરે લોલ
તદા સ્વામીજીને ચિતે પ્રતીતી થઇરે લોલ.
શ્રી નિવાસ હતા બાળ એમ જાણીયુંરે લોલ,
વાગી ગયા તણું કષ્ટ ઉર આણીયુંરે લોલ;
જોઇ શ્રી વરને અચંકો ડરી ગયારે લોલ,
પ્રભૂ ઘાયલ તે આજ શી રીતે થયારે લોલ.
રક્તવર્ણું ધારચિબુક વિષેથી વહીરે લોલ,
આવ્યા અનંતાર્ય દુઃખી થઇ ને તહીરે લોલ;
કપૂર દાબતાંજ ધાર બંધ થઇ ગઇરે લોલ,
સદાકાલ એની નીશાની રહી ગઈરે લોલ.
વધા હરી વહી અમૃતની ધાર છેરે લોલ,
આજ હર્ષ મારા ચિત્તમાં અપાર છેરે લોલ;
ચિન્હ ધર્યું છે મેં જણાવવા જગતનેરે લોલ.
કરૂં છું સદા સહાય મારા ભક્તનેરે લોલ.
એવી સેવનેજ પ્રીય સર્વદા ગણેરે લોલ,
અનંતાર્ય તુલ્ય કોઈથી નહીં બણેરે લોલ;
હજુ દીવ્ય હડપચીમાં એ નીશાન છેરે લોલ,
હજી એજ કોશ મુકી રૂડે સ્થાન છેરે લોલ.
એવાં દીવ્ય કામ જેમનાં અનેક છેરે લોલ,
ગુરૂ સાસન પાળવા તણી ટેક છેરે લોલ;
ધન્ય ધન્ય એવા સ્વામી અનંતાર્યનેરે લોલ,

ધન્ય ધન્ય એક તણાં દીવ્ય કાર્યનેરે લોલ.
યતિરાજ કૃપા જેમના ભણી કરેરે લોલ,
તેના થકી શાવ બ્રહ્મા પણ ઉતરેરે લોલ?
એવા લક્ષ્મણાર્ય ચરણ શરણમાં ધર્યોરે લોલ,
શ્રી નિવાસ તાતાએ સદા સુખી કર્યોરે લોલ;
અનુ સ્મરણ કરી પરમ ઉપકારનેરે લોલ,
નમસ્કાર વિના બીજું શું હું થી બણેરે ? લોલ.

ગરબી ૨૫ મી.

કથાસાર.

"મોહોલે પધારો મારારાજ માણીગર"—એ રાગની
સ્વામી, રામાનુજા ભાષ્યકાર, વિજય જય મગલ હોજો.
યતિરાજ શ્રી શેષાવતાર, વિજય જય મંગલ હોજો ૮૮.
વાસી શ્રી વૈકુંઠના, અતુલ્ય બલ વિજ્ઞાન,
શ્રેષ્ટ સખા શ્રી કંથના, વ્હાલા શ્રીજીના ખાસ દીવાન. વિ.
શેષ રૂપ સહુ અંગથી, કરે હરિની સેવ,
એજ સુમીત્રા સુત થયા, ગુરૂએજ થયા બલદેવ વિ.
શ્રીવર કરૂણાથી થયા, ઉભય વિભૂતિ નાથ,
આવ્યા જગજન તારવા ભુ ઉપર શ્રી અનંત સાક્ષાત વિ.
શ્રીમત પ્રેમ પુંધુરમાં, ધર્યું દીવ્ય નરતન,
માતસતી કાંતી મતી, પિતા કેશવ આર્ય શ્રીમન વિ.
નૃપ દુહીતાના કષ્ટનો, સેહેજે કર્યો વિનાશ.
શ્રી પાદ તીર્થે તારીયો, બ્રહ્મરાક્ષસને પુરી આશ. વિ.
શ્રી સહ શ્રી પતિએ કરી, વનમાં આવી વ્હાર,
શ્રી મુખથી માગી પીધું, શાલ કુપનું જલ ધરી પ્યાર. વિ.

શ્રી યામુન સ્વામી તણા, કર્યા મનોરથ પૂર્ણ,
ઉઘડાવી ત્રૈણે આંગળી ચિંતા કીધી ચતુરતાથી ચુર્ણ. વિ.
જાણ્યા શ્રી વરદરાજથી. છ વાક્યમાં સહુ અર્થ,
પામીપદ યતિરાજનું, ધાર્યા, કરમાં ત્રિદંડ સમર્થ વિ.
મહાપરાધ ક્ષમા કરી, ધરી યાદવપર પ્રીત;
મત અદ્વૈત ઉખેડીને, કીધી જગતમાં જાહેર જીત. વિ.
કર્યા શ્રી રંગે સ્નેહથી, ઉભય વિભુતિનાથ;
બહુ શ્રમથી તેડાવીને, સોંપી દીધી સત્તા સઘળી હાથ. વિ.
સંપ્રદાય તત્વાર્થનો, સંગ્રહ કીધો પુર્ણ;
સપ્ત ગ્રંથ તેના બનાવ્યા, કીધો ભવતણા ભયને ચુર્ણ. વિ.
લઇ મંત્રાર્થ ગુરૂ થકી, કીધું ભુરીદાન;
ચુંમોતેર નિજ શિષ્યનું, કીધું જગતમાં સ્થાપન માન વિ.
પામ્ય ગોષ્ઠ પુર્ણથી, શુભ પદવી " મંન્નાથ"
શ્રી વૈષ્ણવ સિદ્ધાંત તે, થયો નિજનામી ભલાભાત. વિ.
સકલ શાસ્ત્ર ઐક્યાર્થ કરી, શ્રીભાષ્ય રચ્યું રસીક;
તવ તણા એ તત્વર્થો, નથી જગતમાં અન્ય અધીક. વિ.
શ્રી વૈષ્ણવ સેના સહિત, વિચારો દેશો દેશ;
વિજય કર્યો એવો વડો, વૃદ્ધી થાય છે જેની હમેશ. વિ.
શ્રીવર પોતે પણ થયા, પૂર્ણ પ્રેમથી શિષ્ય,
નામ ધર્યું નિજ દાસનું, એવા વિજયી છે ધન્ય યતીશ. વિ.
શ્રીનિવાસ ચાવા કર્યા, શંખ ચક્ર દઇ હાથ;
પરણાવી શ્રીજી વળી, પોતે સસરા થયા યતિનાથ. વિ.
સ્હામી આવી શારદા. શિરે ધર્યું શ્રી ભાષ્ય,
ભાષ્યકાર પદવી દીધી, કીધી ખ્યાતી જગતમાં પ્રકાશ. વિ.
શેષ રૂપ ધરીને કર્યો બૌદ્ધાનો સંહાર;

વિષ્ણુવર્ધન ભુપને, તાર્યો પ્રજા સહિત ધરી પ્યાર. વિ.
યદુગિરિ ઉપર વસાવીયું, નારાયણપુર ધામ.
શોધીને સ્થાપ્યા ફરી શ્રીમન્નારાયણ ઘનશ્યામ વિ.
રામપ્રિયને તેડવા, ગયા યવનપતિ પાસ
આવી બેઠા ગોદમાં પૂત્ર ભાવે પ્રભુ સુખરાશ. વિ.
વૈષ્ણવ દ્વેષી અસુર નૃપ, કૃમી કંઠ અભિધાન,
નાશ કર્યો તેનો અને, કીધાં સ્થીર ફરી પ્રભુનાં સ્થાન. વિ
અપાવીયાં કુરેનાથને સુંદર દૈવીનેન
મુક્તી દીધી ગોપીને થયા સહુજગને સૂ[illegible] વિ.
નિજ કરથી સ્થાપીત કર્યા, વિગ્રહ દીવ્ય પુનીત,
પરચા પુરી તે થકી. દીધી સહુ જનને પરતીત વિ.
દાશરથી, કુરૂનાથને ગોવિંદ આર્ય અનંત,-
સમર્થ એવા શિષ્ય સહુ જેના છે અવતારી શ્રીમંત વિ.
બેઠા વિગ્રહ રૂપથી ઠામ ઠામ યતિરાજ
સુધ લેછે સહુ શિષ્યની સંભાલે નિત્ય પોતાનું કાજ વિ.
નીસરણી વૈકુંઠની, સેતુ ભવજલકાજ
પાપ કાષ્ટની આગ છે. સ્વામી શ્રીલક્ષ્મણ યતિરાજ વિ.
શરણાગત વત્સલ સદા સ્વાશ્રીતના પ્રતિપાલ;
ગુણ કલ્યાણ તણા નીધિ યતીરાજ છે પરમ દયાલ. વિ.
તાર્યાં અસંખ્ય પ્રાણીઓ, તારે જાય સદાય;
કલીમાં શ્રી યતિરાજ પદ, એજ સાચો છે મુક્તિ ઉપાય. વિ.
દિવ્ય ચરીત્ર અને ગુણો, અનંત તણા અનંત;
મોજ અખુટ એ માણવા, થયો રાંક અનુ ભાગ્યવંત વિ.

સમાપ્ત.